## **Case Details & Duration Sheet**

| **Case Parameter** | **Details** |
| --- | --- |
| **Court** | Una Taluka Court |
| **CNR Number** | GJGS040005402017 |
| **Registration Number** | CC/275/2017 |
| **Date of Registration** | March 24, 2017 |
| **Date of Judgment** | June 8, 2026 |
| **Total Case Duration** | 9 **Years,** 2 **Months,** 15 **Days** *(3,363 total days)* |
| **Complainant (Petitioner)** | Government of Gujarat |
| **Petitioner** | APP (Assistant Public |

| **Case Parameter** | **Details** |
|---|---|
| **Advocate** | Prosecutor) |
| **Accused (Respondent)** | Bhanjibhai Ramjibhai Sankhat |
| **Respondent Advocate** | N.R. Kidecha |

**નામદાર એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, ઉના, જી. ગીર સોમનાથ**

**કેસની વિગત (Case Details)**

- **ક્રિમિનલ કેસ નંબર (Criminal Case No.):** ક્રિ.કેસ નં. ૨૭૫/૨૦૧૭
- **પોલીસ સ્ટેશન (Police Station):** ઉના પોલીસ સ્ટેશન
- **પ્રથમ બાતમી અહેવાલ નંબર (FIR No.):** ગુ.ર.નં. ફા.૨૩૨/૨૦૧૬, તારીખ: ૦૨/૧૨/૨૦૧૬
- **તહોમતનામું નંબર (Charge Sheet No.):** ચાર્જશીટ નં. ૧૧/૨૦૧૭, તારીખ: ૦૨/૦૨/૨૦૧૭
- **કાયદાની કલમો (Sections of Law):** ભારતીય દંડ સંહિતા (IPC) ની કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૧૧૪, ૪૦૩ તથા ગુજરાત પોલીસ એક્ટ (GP Act) ની કલમ ૧૩૫.

**પક્ષકારો અને વિદ્વાન વકીલશ્રીઓની વિગત (Parties & Advocates)**

**ગુજરાત સરકાર**

તરફે: સહાયક સરકારી વકીલ શ્રી (વી.એ.પી.પી.) કે. ડી. વસાવા

**... ફરીયાદપક્ષ / સરકાર**

**વિરૂદ્ધ**

**(૧) ભાણજીભાઇ રામજીભાઇ સાંખટ**

ઉંમર વર્ષ: ૩૫, જાતે: દલિત, ધંધો: મજુરી,

રહેવાસી: મુ.પો. ઉગલા, મૂળ ગામ: કાંધી, તાલુકો: ઉના, જીલ્લો: ગીરસોમનાથ.

તરફે વિદ્વાન વકીલ શ્રી (Advocate for the Defense): એન. આર.

કીડેચા

**... આરોપીઓ**

- **ફરીયાદી / બાતમીદાર (Complainant):** ભાણજીભાઇ ચનાભાઇ સાંખટ, જાતે: દલિત, ઉંમર વર્ષ: ૪૦, ધંધો: મજુરી, રહેવાસી: કાંધી, તાલુકો: ઉના.

## **JUDGMENT**

### 1. કેસની વિગતવાર હકીકત (**Facts of the Case in Detail**)

આ કેસની વિગતવાર હકીકત (Facts of the Case) એવી છે કે કાંધી ગામના મૂળ વતની એવા ફરિયાદી ભાણજીભાઇ ચનાભાઇ સાંખટ તથા આરોપી નં.૧ ભાણજીભાઇ રામજીભાઇ સાંખટ અને આરોપી નં.૨ ભાનુબેન પ્રેમજીભાઇ સાંખટ વચ્ચે ગામની ગૌચર (પડતર) જમીન બાબતે અગાઉથી તીવ્ર મનદુઃખ, જૂની અદાવત અને કોર્ટ કેસ ચાલતો હતો, જેમાં ફરિયાદી ગામના લોકોને સાથ-સહકાર આપતા હોવાથી આરોપીઓ તેમની સામે વેરભાવ રાખતા હતા. ગઇ તા. ૦૨/૧૨/૨૦૧૬ ના રોજ સવારના આશરે ૧૦:૦૦ થી ૧૧:૦૦ વાગ્યાના અરસામાં, ફરિયાદી ભાણજીભાઇ અને તેમના પત્ની મનીષાબેન દવા લેવા માટે કાંધી ગામથી ઉના આવેલા અને ઉના એસ.ટી. બસ સ્ટેશનની સામે રોડ પર આવેલ પ્રકાશ મેડીકલ સ્ટોર પાસે પહોંચેલા, ત્યારે અગાઉની જમીનની અદાવતનું મનદુઃખ રાખી આરોપી નં.૧ તથા ૨ એકસંપ થઇને ત્યાં ધસી આવ્યા હતા. આરોપીઓએ ફરિયાદીને

આંતરીને ગૌચર જમીન બાબતે કોર્ટ કેસમાં રસ લેવા અંગે કહી જાહેર રોડ પર ભુંડી–અપશબ્દ ગાળો આપી હતી અને ત્યારબાદ આરોપી નં.૧ ભાણજીભાઇ રામજીભાઇએ પોતાના હાથમાં રહેલ લોખંડની પાઇપ (લોખંડની ટી) વડે ફરિયાદીને માથાના પાછળના ભાગે (ખોપરી પર) તથા શરીરે આડેધડ ઘા મારી લોહીલુહાણ ઇજાઓ પહોંચાડી હતી. આ જડજોટ અને ઝપાઝપી દરમિયાન ફરિયાદીનું ખિસ્સું ફાટી જતાં તેમના વેપાર–ધંધાના નાણાં જાહેર રોડ પર નીચે પડી ગયા હતા, જેની આરોપીઓએ ગુનાહિત અપ્રમાણિકતાપૂર્વક ઉચાપત કે ચોરી કરી હોવાનો આક્ષેપ છે. બનાવના પગલે આજુબાજુ બૂમાબૂમ થતાં લોકો એકઠા થવા લાગેલા, જેથી આરોપીઓ લોખંડના પાઇપ સાથે ત્યાંથી નાસી છૂટ્યા હતા. ઇજાગ્રસ્ત ફરિયાદીને તેમના પત્ની તાત્કાલિક સારવાર અર્થે ઉના સરકારી હોસ્પિટલ (CHC) લઇ ગયેલા, જ્યાં ફરજ પરના મેડીકલ ઓફિસર ડૉ. પ્રદ્યુમન જાદવે રાત્રે ૧૨:૩૦ વાગ્યે તેમની પ્રાથમિક તપાસ કરી ખોપરી પર ૧ સે.મી.નો કપાયેલો–છૂદાયેલો ઘા અને ત્રણ ટાંકા સહિતની સામાન્ય ઇજાઓ નોંધી ઉના પોલીસ સ્ટેશનને વર્ધિ મોકલી આપી હતી. ત્યારબાદ, પોલીસે હોસ્પિટલ પહોંચી ફરિયાદીનું નિવેદન નોંધી ગુના રજીસ્ટર નંબર ફા.૨૩૨/૨૦૧૬ થી પ્રથમ બાતમી અહેવાલ (FIR) દાખલ કરી તપાસ હાથ ધરેલી. પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી. એમ. રાઠોડે તપાસ દરમિયાન ઘટનાસ્થળનું પંચનામું (આંક–૨૪) અને આરોપીની અટકાયત તેમજ મુદ્દામાલ લોખંડની પાઇપ કબ્જે કરવાનું પંચનામું (આંક–૨૨) તૈયાર કર્યું હતું, તેમજ તપાસમાં આરોપી નં.૨ ભાનુબેન ગુનાના સમયે 'ગુજરાત પ્રોટીન્સ મીલ' ખાતે મજુરી કામ પર હાજર હોવાનું જણાતાં પૂરતા પુરાવા ન મળવાથી તેમની ધરપકડ કરી ન હતી. તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ આઇ.પી.સી. કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૧૧૪, ૪૦૩ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબનો ગુન્હો પ્રસ્થાપિત થતો હોવાનું માની પોલીસે નામદાર કોર્ટમાં તહોમતનામું (ચાર્જશીટ નં. ૧૧/૨૦૧૭) રજૂ કર્યું હતું.

## 2. (**Appearance of Accused** & **Supply of Copies**)

આ કામના આરોપીઓ વિરૂદ્ધ ઉના પોલીસ સ્ટેશન દ્વારા તહોમતનામું રજૂ કરવામાં આવતા, આ અદાલત દ્વારા કાયદેસરના સમન્સ ઈસ્યુ કરવામાં આવેલા. જેના અનુસંધાને આરોપી નં.(૧) ભાણજીભાઈ રામજીભાઈ સાંખટ  આ નામદાર અદાલત સમક્ષ રૂબરૂ હાજર થયેલા છે.

## 3. તહોમત ઘડવા બાબત

આ કામના આરોપીઓ અદાલતમાં ઉપસ્થિત થયા બાદ અને તેઓને ચાર્જશીટના તમામ કાગળો મળી ગયાની ખાતરી કર્યા પછી, આરોપીઓ વિરૂદ્ધ પ્રથમ દ્રષ્ટિએ (Prima Facie) કેસ ચલાવવા માટે પૂરતા આધારો જણાતા આ અદાલત દ્વારા આરોપીઓ વિરૂદ્ધ કાયદા અનુસાર **તહોમતનામું (Charge)** ઘડવામાં આવેલું.

## 4. આરોપીઓનું વિશેષ નિવેદન (**Statement of Accused under Section** 313 **CrPC**)

ફરીયાદપક્ષ (Prosecution) તરફના તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રેકોર્ડ પર આવ્યા બાદ, ફોજદારી કાર્યરીતિ સંહિતા (CrPC) ની કલમ ૩૧૩ ની વૈધાનિક જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવેલું. તે અનુસાર, રેકોર્ડ પર આવેલા પ્રતિકૂળ પુરાવાઓ અને સાક્ષીઓની જુબાનીની  અંગે આરોપી નં.(૧) ભાણજીભાઈ રામજીભાઈ સાંખટ વ્યક્તિગત રીતે પ્રશ્નો પૂછીને તેઓના વિશેષ નિવેદનો નોંધવામાં આવેલા.

નામદાર અદાલત સમક્ષ નોંધાયેલા આ કલમ ૩૧૩ ના નિવેદનો દરમિયાન આરોપીઓએ પોતાની સામેના તમામ પુરાવાઓ અને આક્ષેપોને તદ્દન ખોટા અને પાયાવિહોણા ગણાવ્યા છે.

આરોપીઓએ વધુમાં જણાવ્યું છે કે, તેઓ નિર્દોષ છે અને કાંધી ગામની ગૌચર જમીનની જૂની અદાવત તેમજ આરોપીઓ દ્વારા ફરિયાદી પક્ષ સામે અગાઉ કરવામાં આવેલા એટ્રોસીટી એક્ટના કેસની દાઝ રાખી તેઓને આ કેસમાં ખોટી રીતે ફસાવી દેવામાં આવ્યા છે. આરોપીઓએ અદાલત સમક્ષ બચાવ પક્ષ (Defense) નો કોઈ મૌખિક પુરાવો રજૂ ન કરવા તેમજ પોતાને ન્યાયિક શંકાનો લાભ (Benefit of Doubt) આપી નિર્દોષ છોડી મૂકવાની આખરી વિનંતી કરેલી છે.

## 5. પક્ષકારોની દલીલો (**Arguments of Both Parties**)

આ કેસની ન્યાયિક ટ્રાયલના અંતે ફરીયાદપક્ષ (સરકાર) અને આરોપી પક્ષના વિદ્વાન વકીલો દ્વારા અદાલત સમક્ષ મૌખિક તેમજ કાયદાકીય દલીલો રજૂ કરવામાં આવેલ છે, જે નીચે મુજબ વિગતવાર નોંધવામાં આવે છે:

### (અ) ફરીયાદપક્ષ / સરકાર તરફેની દલીલો (**Arguments on behalf of the Prosecution**):

વિદ્વાન સહાયક સરકારી વકીલ શ્રી (વી.એ.પી.પી.) કે. ડી. વસાવાએ મુખ્યત્વે એવી દલીલો રજૂ કરી છે કે:

- આ કામના મુખ્ય ફરિયાદી ભાણજીભાઇ ચનાભાઇ સાંખટ (PW/Exh. 20) એ પોતાની સરતપાસમાં જુબાની આપી છે કે આરોપી નં.૧ ભાણજીભાઇ રામજીભાઇએ તેઓને લોખંડની પાઇપ (ટી) વડે માથાના ભાગે ગંભીર ઇજા પહોંચાડી છે. ફરિયાદીના પત્ની મનીષાબેન (PW/Exh. 29) અને ભાઈ ત્રિભવનભાઇ (PW/Exh. 37) એ બનાવ સ્થળે હાજરી અને ફરિયાદીને થયેલી ઈજાઓ અંગે કેસને સંપૂર્ણ ટેકો જાહેર કર્યો છે, જેઓ કુદરતી સાક્ષીઓ છે. તબીબી સાક્ષી ડૉ. પ્રદ્યુમન જાદવ (PW/Exh. 38) અને મેડિકલ સર્ટિફિકેટ (Exh. 39) દ્વારા એ નિર્વિવાદપણે સાબિત થાય

છે કે ફરિયાદીને માથાના ભાગે લોખંડની પાઇપ જેવા અણીદાર અને બોથડ પદાર્થથી ઈજાઓ થયેલી છે, જેના કારણે તેમને ત્રણ ટાંકા લેવા પડ્યા હતા. કેટલાક સાક્ષીઓ હોસ્ટાઇલ (ફરી ગયેલા) થયા હોવા માત્રથી ફરિયાદીની પોતાની સત્ય જુબાની નકારી શકાય નહીં. ગુનાની ગંભીરતા અને રજૂ થયેલા તબીબી પુરાવા ધ્યાને લઇ આરોપીઓને કાયદા અનુસાર સખતમાં સખત સજા કરવામાં આવે તેવી વિનંતી છે.

## (બ) આરોપી પક્ષ તરફેની દલીલો (**Arguments on behalf of the Defense**):

આરોપીઓ તરફેના વિદ્વાન વકીલ શ્રી એન. આર. કીડેચાએ સરકાર પક્ષના કેસનો સખત વિરોધ કરતા દલીલો રજૂ કરી છે કે:

- આ કેસ સંપૂર્ણપણે પૂર્વ અદાવત અને મનદુઃખના કારણે ઊભો કરવામાં આવેલો ખોટો કેસ છે. ફરિયાદી પક્ષે ઉલટતપાસમાં સ્વીકાર્યું છે કે અગાઉ આરોપીઓએ તેઓની સામે એટ્રોસીટી એક્ટ હેઠળ કાયદેસરની ફરિયાદ નોંધાવેલી છે, જેનો બદલો લેવા આ ખોટી ફરિયાદ કરવામાં આવી છે. આ બનાવ ઉના એસ.ટી. બસ સ્ટેશન સામેની ભરચક અને જાહેર જગ્યાએ સવારના સમયે બન્યો હોવાનો દાવો છે. આ સંજોગોમાં મેડિકલ સ્ટોરના કર્મચારી (PW/Exh. 31), લારીવાળા (PW/Exh. 32) અને આજુબાજુના તમામ સ્વતંત્ર વેપારી સાક્ષીઓ (PW/Exh. 33, 44, 58, 59, 60, 61) સંપૂર્ણપણે ફરી ગયા છે. કોઈ પણ સ્વતંત્ર સાક્ષીએ આ કથિત બનાવને સમર્થન આપ્યું નથી. મુદ્દામાલ લોખંડની પાઇપ અને અટકાયત અંગેના પંચનામા (Exh. 23 અને Exh. 25) ના પંચ સાક્ષીઓ (PW/Exh. 22 અને PW/Exh. 24) એ ઉલટતપાસમાં સ્પષ્ટ કર્યું છે કે પોલીસે તેઓની હાજરીમાં કોઈ સ્થળ તપાસ કરી નથી કે કોઈ હથિયાર જપ્ત કર્યું નથી; માત્ર તૈયાર કાગળો પર સહીઓ લીધેલી છે. ડૉક્ટરે ઉલટતપાસમાં સ્વીકાર્યું છે કે આવી સામાન્ય

ઈજાઓ દાદરા પરથી પડી જવાથી પણ થઈ શકે છે. આમ, સરકાર પક્ષ પોતાનો કેસ "શંકાથી પર" સાબિત કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોઇ, આરોપીને નિર્દોષ છોડી મૂકવા વિનંતી છે.

## 6. **ORAL EVIDENCE**

| **સાક્ષી નંબર (PW No.)** | **સાક્ષીનું નામ અને સરનામું** | **આંક (Exhibit No.)** |
|---|---|---|
| **PW – 1** | ભાણજીભાઇ સનાભાઇ (ચનાભાઇ) સાંકળ (સાંખટ)<br>*રહે. કાંધી, તા. ઉના* | **આંક – ૨૦** |
| **PW – 2** | કાળુભાઇ બિજલભાઇ બારૈયા (કોળી)<br>*રહે. ઉના ભીમપરા* | **આંક – ૨૪** |
| **PW – 3** | મનીષાબેન વા/ઓ ભાણજીભાઇ ચનાભાઇ સાંખટ<br>*રહે. કાંધી* | **આંક – ૨૯** |
| **PW – 4** | અશ્વિનભાઇ બાલાભાઇ ગૌસ્વામી<br>*રહે. ઉના* | **આંક – ૨૨** |
| **PW – 5** | ભાનુબેન વા.ઓ પ્રેમજીભાઇ સાખંટ (સાંખટ)<br>*રહે. ઉના* | **આંક – ૫૮** |
| **PW – 6** | દિનેશભાઇ કાળાભાઇ ઉનેવાળ | **આંક – ૫૯** |

| | | |
|---|---|---|
| | *રહે. અમોદ્રા, તા. ઉના* | |
| **PW** – 7 | મનિષભાઈ ભીખાભાઈ મારુ<br>*રહે. નાઠેજ, તા. ઉના* | **આંક – ૬૦** |
| **PW** – 8 | જીતુભાઈ નોંધણભાઈ ડોડીયા<br>*રહે. અંજાર, તા. ઉના* | **આંક – ૩૧** |
| **PW** – 9 | જશાભાઈ જેસીંગભાઈ પરમાર<br>*(નિવૃત્ત ASI, ઉના પો.સ્ટે.)* | **આંક – ૬૨** |
| **PW** – ૧૦ | લખુજીભાઈ કાનાભાઈ નંદવાણા<br>*રહે. ભાચા, તા. ઉના* | **આંક – ૩૩** |
| **PW** – ૧૧ | દિવાનસિંગ પનામસિંગ સિખ<br>*રહે. ઉના* | **આંક – ૩૨** |
| **PW** – ૧૨ | રાજાભાઈ ચનાભાઈ સાંખટ<br>*રહે. કાંધી* | **આંક – ૩૫** |
| **PW** – ૧૩ | દિપકભાઈ કરમણભાઈ સાંખટ<br>*રહે. કાંધી* | **આંક – ૩૬** |
| **PW** – ૧૪ | ત્રિભવનભાઈ ચનાભાઈ સાંખટ<br>*રહે. કાંધી* | **આંક – ૩૭** |
| **PW** – ૧૫ | પ્રધુમન ધીરૂભાઈ જાદવ<br>*(ખાનગી મેડીકલ પ્રેક્ટિશનર)* | **આંક – ૩૮** |

| | | |
|---|---|---|
| **PW – ૧૬** | હજીભાઇ ધનસુખભાઇ ઉર્ફે દંતુ બાબરીયા<br>*રહે. ઉના* | **આંક – ૬૧** |
| **PW – ૧૭** | રજનીકાંત ધીરજલાલ સોમૈયા<br>*રહે. ઉના* | **આંક – ૪૪** |

## 7. ORAL EVIDENCE OF PROSECUTION SIDE

**EXIBIT –૨૦ પ્રોસીકયુશન તરફની શાહેદી નંબર –** ભાણજીભાઈ સનાભાઈ સાંકળ **સરતપાસ :– વિ. એ.પી.પી.શ્રી કે.ડી.વસાવા:–**

આરોપીને ઓળખુ છુ, જે આજરોજ કોર્ટમાં હાજર છે.

બનાવ પાંચ છ વર્ષ પહેલા બનેલો, ત્યારે હું અગીયારેક વાગે ઉના એસ.ટી. બસ સ્ટેશન સામે મેડીકલ સ્ટોરમાં દવા લેવા આવેલો, ત્યારે આરોપી ભાણજીભાઈ રામજીભાઈ આવેલા અને મને લોખંડની ટી થી માથાના ભાગે મારેલુ. તેઓની સાથે બીજા એક બેન પણ હતા. બનાવ વખતે આરોપીએ મને કાઈ બોલ્યા હોય તે હાલ યાદ નથી. ત્યારબાદ હુ અને મારા પત્નિ ઉના સરકારી દવાખાને સારવાર માટે ગયેલા. ત્યા સારવાર કરાવી બનાવ અંગેની ફરીયાદ મે આપેલી. ફરીયાદની અસલ નકલ મને બતાવવામાં આવે છે તેમા મારા અંગુઠાનુ નીશાન છે જે હુ ઓળખી બતાવુ છુ. જે અસલ ફરીયાદ રજુ દાખલ આંક–૨૧ આપવામાં આવે છે. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ પણ કરેલી.

બનાવ આરોપી અને અમારે જમીન બાબતે માથાકુટ ચાલતી હતી, તે બાબત આરોપીએ મને મારેલુ.

મને લોખંડની ટી થી મારેલ તે મને આજરોજ કોર્ટમાં બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ. મને મુદ્દામાલ પાવતી નં. ફસ્ટ–૨૪૪/૧૬ થી આર્ટીકલ નં.૧ થી લોખંડનો પાઇપ બતાવતા તે જોઇને કહુ છુ કે તે બનાવ વખતે

ભાણજીભાઈ પાસે હતો, જેનાથી મને મારેલુ જે હુ ઓળખી બતાવુ છુ, જે તે જ છે.

*સરતપાસ પુર્ણ.*

**ઉલટતપાસ :– આરોપી તરફે વિ. વકીલ શ્રી :– એન.આર.કીડેચા** એ વાત ખરી છે કે ઉના બસ સ્ટેશન નજીક ઘણા મેડીકલ સ્ટોર આવેલા છે. એ વાત ખરી નથી કે બનાવ વખતે આજુ બાજુ વાળા ઘણા માણસો ભેગા થઈ ગયેલા. એ વાત ખરી છે કે, બનાવ સ્થળની નજીક ઘણી દુકાનો આવેલી છે અને ત્યા વહનો અને માણસોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે, મે મારી ફરીયાદમાં બનાવ જે કારણ મે સરતપાસમાં જણાવેલ તે જણાવેલુ નથી. *સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હુ બેભાન અવસ્થામાં હતો.* એ વાત ખરી છે કે, મે મારી ફરીયાદમાં હુ બેભાન થઈ ગયેલાનુ લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીએ મને લોખંડની ટી થી મારતા મને ઈજા થયેલાનુ ખોટુ જણાવુ છુ. એ વાત ખરી નથી કે હુ દવા લેવા જતા ઉતરતા પડી જતા મને લાગેલુ. એ વાત ખરી નથી કે, આરોપી સામે ખોટી ફરીયાદ આપેલી છે. એ વાત ખરી નથી કે, ખોટી ફરીયાદના સર્મથનમાં ખોટી જુબાની આપુ છુ.*ઉલટતપાસ પુર્ણ.*

**PW** – 2 / **Exh**. 24: **Kalubhai Bijalbhai Baraiya** આંક – **૨૪ મારું નામઃ** કાળુભાઈ બિજલભાઈ બારૈયા **સરકાર તરફે સરતપાસ વિ.એ.પી.પી.શ્રી વસાવા દ્વારા**

૧. સાતેક વર્ષ પહેલા ઉના પોલીસે મારી એક તૈયાર કાગળમાં સહી લીધેલી સહી કર્યા સિવાય બીજી કોઇ વિગત હું જાણતો નથી. મારી હાજરીમાં કોઇ બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ હોય તેવું બનેલ નથી. મને પંચનામાની ખરીનકલ બતાવતા જેમા પંચ નં. ૧ તરીકે મારી સહી છે. જે હું ઓળખી બતાવું છું. જે રજૂ દા.આંક – ૨૫.

**હોસ્ટાઇલ –** સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં ન હોઇ વી.એ.પી.પી.શ્રી એ સાહેદને ફરી ગએલ જાહેર કરવા વિનંતી કરતાં સાહેદને

ફરી ગયેલાં જાહેર કરી વી.એ.પી.પીશ્રી ને સુચક સવાલો પુછવા પરવાનગી આપવામાં આવે છે.

૨. એ વાત ખરી નથી કે, તા. ૦૨/૧૨/૨૦૧૬ ના રોજ ઉના પોલીસે મને પો.સ્ટે. બોલાવી ઉના બસ સ્ટેશન સામે પ્રકાશ મેડીકલ સ્ટોર પાસે બોલાવી ઉના પો.સ્ટે ગુ.ર.નં. ફા. ૨૩૨/૧૬ આઈ.પી.સી. કલમ ૩૨૪ વગેરેના કામે બનાવવાળી જગ્યાનું પંચનામુ કરવા પંચમા રહેવા જણાવતા અમે સહમત થતા બાદ ફરિયાદી ભાણજીભાઇ ચનાભાઇ સાંખટનાએ બનાવવાળી જગ્યા આગળ ચાલી બતાવતા જે પ્રકાશ મેડીકલ સ્ટોરની બાજુમાં રોડની સાઈડે બનાવ બનેલ હોય તેમ જણાવી આરોપીએ લોખંડના પાઇપથી ફરિયાદીને માથામાં માર મારેલાનું જણાવેલ જે જગ્યાએ પોલીસે અમારી હાજરીમાં પંચનામાની હકીકતે વિગતવારનું પંચનામુ કલાક ૧૫.૦૦ થી ૧૬.૦૦ સુધીનું કરેલું. એ વાત ખરી નથી કે, અમારા રૂબરૂનું પંચનામુ હોવા છતાં આરોપીને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

*સરતપાસ પૂરી.*

**આરોપીઓ તરફે ઊલટતપાસ વિ.વ.શ્રી જે.આર.કોટડીયા દ્વારા**

૩. એ વાત ખરી છે કે, પોલીસે એક તૈયાર કાગળમાં મારી સહી લીધેલી. એ વાત ખરી છે કે, પોલીસે મારી હાજરીમાં કોઈ બનાવવાળું પંચનામુ કરેલ નથી.

*ઊલટતપાસ પૂર્ણ.*

**PW – 3 / Exh. 29: Manishaben W/o Bhanjibhai Sankhat આંક –૨૯** મનીષાબેન, **પિતા/પતિનું નામઃ** ભાણજીભાઇ સાંખટ **સરકાર તરફે સરતપાસ વિ.એ.પી.પી.શ્રી વસાવા દ્વારા**

૧. આરોપીને હું ઓળખું છું. જેઓ મારા સંબંધી થાય છે. જેઓ આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે.

૨. ફરિયાદી ભાણજીભાઇ ચનાભાઈ સાંખટ મારા પતિ થાય છે. બનાવને દસેક વર્ષ થયા હશે. તે દિવસે હું તથા મારા પતિ દવા લેવા માટે ઉના આવેલા. ત્યારે મેડીકલ પાસે હું ઉભી હતી અને મારા પતિ દવા લેવા ગયેલા ત્યારે આરોપી આવેલા અને લોખંડની ટી થી મારા પતિને માથાનાં પાછળનાં

ભાગે ઘા કરેલો અને આરોપી ત્યાંથી જતો રહેલો અને મારા પતિને ઉના સરકારી દવાખાને સારવાર માટે હું લઈ ગયેલ. જયા એક દિવસ રોકાયેલા અને સારવાર કરાવેલી. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી નિવેદન લીધેલું.

૩. આરોપી મારા પતિ સાથે અગાઉ પણ ઝઘડો કરતો હોય તેથી બનાવ વખતે પણ મારા પતિને મારેલું. બનાવ દિવસનાં દસ અગિયારનાં ગાળામાં બનેલો.

૪. મારી દીકરીનું નામ સોનલબેન છે. તે બનાવ વખતે મારા ઘરે હતી. મારી સાથે સોનલબેનને પણ આ કામે સમન્સ બજેલો છે. મારી દીકરી સોનલ માનસિક અસ્થિર છે અને તે જુબાની આપી શકે તેમ નથી.

*સરતપાસ પૂરી.*

**આરોપીઓ તરફે ઊલટતપાસ વિ.વ.શ્રી એન.આર.કિડેચા દ્વારા**

પ. એ વાત ખરી છે કે, બનાવ જે પ્રકાશ મેડીકલ પાસે બનેલો તેની આજુબાજુ મેડીકલ સ્ટોર અને બીજી દુકાનો આવેલી છે તેમજ સામે એસ.ટી. બસ સ્ટેશન આવેલું છે અને આજુબાજુ કુટની લારી ઉભી રહે છે. એ વાત ખરી છે કે, બનાવ સ્થળ જાહેર જગ્યા છે. એ વાત ખરી છે કે, બનાવ બન્યો ત્યારે આજુબાજુથી ઘણા લોકો ભેગા થઇ ગયેલા. એ વાત ખરી છે કે, આરોપીઓએ મારા પતિ અને બીજાઓ સામે એટ્રોસીટીની ફરિયાદ કરેલી છે. એ વાત ખરી છે કે, અમારે આ ફરિયાદનાં કારણે આરોપી સાથે અગાઉથી મનદુખ ચાલે છે. એ વાત ખરી નથી કે, અગાઉનાં મનદુખનાં કારણે મારા પતિએ આરોપી સામે ખોટી ફરિયાદ કરેલી છે. એ વાત ખરી નથી કે, આરોપીએ મારા પતિને ટી મારેલ હોવાનું ખોટુ જણાવું છું. એ વાત ખરી નથી કે, મારા પતિ મેડીકલ સ્ટોર ઉપરથી દાદરા ઉતરતા પડી જવાથી તેને ઈજા થયેલી. એ વાત ખરી છે કે, આરોપી હાલ અમારા ગામમાં રહેતા નથી. એ વાત ખરી નથી કે, હું જણાઉં છું તેઓ કોઈ બનાવ બનેલ નથી પણ મારા પતિ ફરિયાદી હોય તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું.

*ઊલટતપાસ પૂરી.*

**PW – 4 / Exh. 22: Ashwinbhai Balabhai Goswami** *(Arrest & Seizure Panchnama Witness)* **આંક ૨૨** અશ્વિનભાઇ, **પિતા/પતિનું નામઃ** બાલાભાઈ ગૌસ્વામી **સરકાર તરફે સરતપાસ વિ.એ.પી.પી.શ્રી વસાવા દ્વારા**

૧. સાતેક વર્ષ પહેલા ઉના પોલીસે મારી એક તૈયાર કાગળમાં સહી લીધેલી સહી કર્યા સિવાય બીજી કોઇ વિગત હું જાણતો નથી. મારી હાજરીમાં કોઇ આરોપીને અટક કરી તેની શરીર સ્થિતિનું પંચનામુ કરેલ હોય તથા તેની પાસેથી કોઇ મુદ્દામાલ તેઓ પાસેથી કબ્જે કરેલ હોય તેવું બનેલ નથી. મને પંચનામાની ખરીનકલ બતાવતા જેમા પંચ નં. ૧ તરીકે મારી સહી છે. જે હું ઓળખી બતાવું છું. જે રજૂ દા.આંક – ૨૩.

૨. મુકેશગીરી બાલુગીરી ગોસ્વામીને હું ઓળખું છું જેઓ મારા સગા મોટાભાઇ થાય છે. જેઓ ચારેક વર્ષ અગાઉ અવશાન પામેલા છે.

**હોસ્ટાઇલ –** સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં ન હોઇ વી.એ.પી.પી.શ્રી એ સાહેદને ફરી ગએલ જાહેર કરવા વિનંતી કરતાં સાહેદને ફરી ગયેલાં જાહેર કરી વી.એ.પી.પીશ્રી ને સુચક સવાલો પુછવા પરવાનગી આપવામાં આવે છે.

૩. એ વાત ખરી નથી કે, તા. ૦૭/૧૨/૨૦૧૬ ના રોજ ઉના પોલીસે મને પો.સ્ટે. બોલાવી આરોપી અટક કરવા મુદ્દામાલ કબ્જે કરવા પંચનામુ કરવા માટે પંચોમાં રહેવા જણાવતા અમે સહમત થતા બાદ અહીં પો.સ્ટે. હાજર એક ઇસમનું અમારા રૂબરૂ નામ ઠામ પુછતા તેઓ ભાણજીભાઈ રામજીભાઈ સાંખટ હોવાનુ જણાવતા જેઓ બનાવ વખતે ઉપયોગમા લીધેલ હથિયાર લોખંડની ટી સ્વેચ્છાએ રજૂ કરતા જે પંચનામાની વિગતે અમો પંચોની સહીવાળી કાપલી ચોટાડી તપાસ અર્થે કબ્જે લીધેલ જે અંગેનું પંચનામુ પોલીસે કલાક ૧૦.૦૦ થી ૧૦.૩૦ સુધીનું કરેલું. એ વાત ખરી નથી કે,

અમારા રૂબરૂનું પંચનામ હોવા છતાં આરોપીને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

*સરતપાસ પૂરી.*

**આરોપીઓ તરફે ઊલટતપાસ વિ.વ.શ્રી જે.આર.કોટડીયા દ્વારા**

૪. એ વાત ખરી છે કે, પોલીસે એક તૈયાર કાગળમાં મારી સહી લીધેલી. એ વાત ખરી છે કે, પોલીસે મારી હાજરીમાં કોઈ ઈસમની અટક કરી તેની પાસેથી મુદ્દામાલ કબ્જે કરેલ નથી.

*ઊલટતપાસ પૂર્ણ.*

**PW – 5 / Exh. 58: Bhanuben W/o Premjibhai Sankhat**

**સરકાર તરફે સરતપાસ વિ.એ.પી.પી.શ્રી વસાવા દ્વારા**

આરોપીઓને હુ ઓળખુ છુ તેઓ આજરોજ કોર્ટમાં હાજર છે. ફરીયાદી ભાણજીભાઈ ચનાભાઈ સાંખટને ઓળખુ છુ, જે કાંધી ગામના છે.

બનાવ બાબતે હુ કાઈ જાણતી નથી. ભાણજીભાઈ ચનાભાઈની સાથે ભાણજીભાઈ રામજીભાઈ સાંખટે કોઈ માથાકુટ કરી ઝધડો કરી માર મારેલ હોય તેવા કોઈ બનાવ બાબતે પોલીસે મારી કોઈ પુછપરછ કરી મારુ કોઈ નિવેનદ લીધેલ હોય તેવુ બનેલ નથી.

**હોસ્ટાઈલઃ–** સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં ન હોઈ વી.એ.પી.પી.શ્રી એ સાહેદને ફરી ગએલ જાહેર કરવા વિનંતી કરતાં સાહેદને ફરી ગયેલાં જાહેર કરી વી.એ.પી.પીશ્રીને સુચક સવાલો પુછવા પરવાનગી આપવામાં આવે છે.

એ વાત ખરી છે કે, મે મારા નિવેદનમાં તા. ૨૫.૧૨.૨૦૧૬ના રોજ એવુ લખાવેલ કે, ગઈ તા.૦૨.૧૨.૨૦૧૬ ના રોજ સવારે ૮/૩૦ વાગ્યે મારા ધરેથી લામધાર ફાટકે આવેલ ગુજરાત માંડવીની મીલમાં માંડવી મકાઈના કામ માટે મજુરીએ ગયેલ અને સવારે નવ વાગ્યાથી મારી હાજરી મીલના હાજરી રજી. માં પુરાવી સાંજના પાંચ વાગ્યા સુધી ગુજરાત માંડવી મીલમાં

મજુરીએ હતી અને સાંજે સાડા સાત વાગ્યે ઉના આવેલ ત્યારબાદ આ ફરીયાદમાં મારુ તથા મારા દિયર ભાણજીભાઇ રામજીભાઇનુ આરોપી તરીકે નામ નાખી. જે બનાવ બાબતે મને ખબર ન હોય, મે મારી હાજરી અંગેની રસીદ પોલીસને આપેલી. જે મને બતાવતા જેમાં મે મારા અંગુઠાનુ નીશાન કરેલ જે હુ ઓળખી બતાવુ છુ, જેને માર્ક ૧/૧ આપવામાં આવે છે.

એ વાત ખરી નથી કે, બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી મારુ નિવેદન લીધેલ હોવા છતા હુ ખોટી જુબાની આપુ છુ.

**આરોપી તરફે ઊલટતપાસ વિ.વ.શ્રી :–એન.આર.કીડેચા**

એ વાત ખરી છે કે, હુ બનાવ અંગે કાંઇ જાણતી નથી, હુ મજુરીએ ગયેલ અને મારી હાજરી માંડવીની મીલમાં હતી.

*ઊલટતપાસ પૂરી.*

## **PW** – 6 / **Exh**. 59: **Dineshbhai Kalabhai Unewal**

*(Public Witness)* **આંક – ૫૯**

હું આથી મારા ધર્મનાં સોગંદ ઉપર જાહેર કરૂં છું કે, **મારૂં નામઃ** દિનેશભાઇ કાળાભાઇ ઉનેવાળ **સરકાર તરફે સરતપાસ વિ.એ.પી.પી.શ્રી વસાવા દ્વારા**

આરોપીઓને હુ ઓળખુ છુ તેઓ આજરોજ કોર્ટમાં હાજર છે. ફરીયાદી ભાણજીભાઇ ચનાભાઇ સાંખટને ઓળખુ છુ, જે કાંધી ગામના છે.

બનાવ બાબતે હુ કાઇ જાણતી નથી. ભાણજીભાઇ ચનાભાઇની સાથે ભાણજીભાઇ રામજીભાઇ સાંખટે કોઇ માથાકુટ કરી ઝધડો કરી માર મારેલ હોય તેવા કોઇ બનાવ બાબતે પોલીસે મારી કોઇ પુછપરછ કરી મારુ કોઇ નિવેનદ લીધેલ હોય તેવુ બનેલ નથી.

**હોસ્ટાઇલ:–** સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં ન હોઇ વી.એ.પી.પી.શ્રી એ સાહેદને ફરી ગએલ જાહેર કરવા વિનંતી કરતાં સાહેદને ફરી ગયેલાં જાહેર કરી વી.એ.પી.પીશ્રીને સુચક સવાલો પુછવા પરવાનગી આપવામાં આવે છે.

એ વાત ખરી નથી કે, મે મારા નિવેદનમાં એવુ લખાવેલ કે, તા.૦૧.૦૧.૨૦૧૭ના રોજ એવુ લખાવેલ કે, ગઇ તા.૦૨.૧૨.૨૦૧૬ ના રોજ સાડા દસેક વાગ્યે હુ મારા ધરે હતો તયારે ફોન ઉપર મને જાણ થયેલ કે મારા કુટુંબી ભાણજીભાઇ ચનાભાઇને ભાણજીભાઇ રામજીભાઇએ ઝધડો કરી માથામાં ટી મારતા તેઓને ઉના દવાખને સારવાર અર્થે દાખલ કરેલ છે તેથી હુ ઉના સરકારી દવાખાને ગયેલ અને તેઓ ત્યા સારવારમાં હતા ત્યારે તેઓ મને જણાવેલ કે, હુ ઉના એસ.ટી બસ સ્ટેશન સામે પ્રકાશ મેડી.ની સામે આપણા ગામના ભાણજીભાઇ રામજીભાઇ આવેલ અને મને કહેલ કે, તુ ગામની ગૌચર જમીનમાં ગામ લોકોને કેમ જમીન બાબતે સાથ આપેલ છે, તેમ કહી મારી સાથે ઝધડો કરી મને ભુંડી ગાળો આપી લોખંડની ટી થી મને માથામાં મારેલ. ત્યારે મારા મિત્ર સોહીલભાઇ મને દવાખાને લાવેલ છે.

એ વાત ખરી નથી કે, બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી મારુ નિવેદન લીધેલ હોવા છતા હુ ખોટી જુબાની આપુ છુ.

**આરોપી તરફે ઊલટતપાસ વિ.વ.શ્રી :–એન.આર.કીડેચા** *ઊલટતપાસ નથી.*

## **PW** – 7 / **Exh**. 60: **Manishbhai Bhikhabhai Maru**

*(Public Witness)* **આંક – ૬૦ મારૂં નામઃ** મનિષભાઇ ભીખાભાઇ મારુ

**સરકાર તરફે સરતપાસ વિ.એ.પી.પી.શ્રી વસાવા દ્વારા**

આરોપીઓને હુ ઓળખુ છુ તેઓ આજરોજ કોર્ટમાં હાજર છે. ફરીયાદી ભાણજીભાઇ ચનાભાઇ સાંખટને ઓળખુ છુ, જે કાંધી ગામના છે.

બનાવ બાબતે હુ કાઇ જાણતી નથી. ભાણજીભાઇ ચનાભાઇની સાથે ભાણજીભાઇ રામજીભાઇ સાંખટે કોઇ માથાકુટ કરી ઝધડો કરી માર મારેલ હોય તેવા કોઇ બનાવ બાબતે પોલીસે મારી કોઇ પુછપરછ કરી મારુ કોઇ નિવેનદ લીધેલ હોય તેવુ બનેલ નથી.

**હોસ્ટાઇલ:–** સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં ન હોઇ વી.એ.પી.પી.શ્રી એ સાહેદને ફરી ગએલ જાહેર કરવા વિનંતી કરતાં સાહેદને

ફરી ગયેલાં જાહેર કરી વી.એ.પી.પીશ્રીને સુચક સવાલો પુછવા પરવાનગી આપવામાં આવે છે.

એ વાત ખરી નથી કે, મે મારા નિવેદનમાં તા.૦૧.૦૧.૨૦૧૭ના રોજ એવુ લખાવેલ કે, ગઈ તા.૦૨.૧૨.૨૦૧૬ ના રોજ સાડા દસેક વાગ્યે હુ મારા ધરે હતો તયારે ફોન ઉપર મને જાણ થયેલ કે મારા કુટુંબી ભાણજીભાઇ ચનાભાઇને ભાણજીભાઇ રામજીભાઇએ ઝધડો કરી માથામાં ટી મારતા તેઓને ઉના દવાખને સારવાર અર્થે દાખલ કરેલ છે તેથી હુ ઉના સરકારી દવાખાને ગયેલ અને તેઓ ત્યા સારવારમાં હતા ત્યારે તેઓ મને જણાવેલ કે, હુ ઉના એસ.ટી બસ સ્ટેશન સામે પ્રકાશ મેડી.ની સામે આપણા ગામના ભાણજીભાઇ રામજીભાઇ આવેલ અને મને કહેલ કે, તુ ગામની ગૌચર જમીનમાં ગામ લોકોને કેમ જમીન બાબતે સાથ આપેલ છે, તેમ કહી મારી સાથે ઝધડો કરી મને ભુંડી ગાળો આપી લોખંડની ટી થી મને માથામાં મારેલ. ત્યારે મારા મિત્ર સોહીલભાઇ મને દવાખાને લાવેલ છે.

એ વાત ખરી નથી કે, બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી મારુ નિવેદન લીધેલ હોવા છતા હુ ખોટી જુબાની આપુ છુ.

**આરોપી તરફે ઊલટતપાસ વિ.વ.શ્રી :–એન.આર.કીડેચા** *ઊલટતપાસ નથી.*

## PW – 8 / Exh. 31: Jitubhai Nodhanbhai Dodiya

*(Medical Shop Employee Bystander)* **આંક–૩૧** હું આથી મારા ધર્મનાં સોગંદ ઉપર જાહેર કરું છું કે, નોધણભાઇ ડોડીયા

**સરકાર તરફે સરતપાસ વિ.એ.પી.પી.શ્રી વસાવા**

હું ભાણજીભાઈ રામજીભાઈ સાંખટ આરોપીને કે ફરીયાદી ભાણજીભાઈને ઓળખતો નથી. બનાવમાં શું બનેલ તેની મને ખબર નથી. બનાવ વખતે હું પ્રકાશ મેડીકલ સ્ટોર પર હોવ ત્યારે નવેક વાગે અમારી દુકાનમાં ભાણજીભાઈ ચનાભાઈ દવાલેવા આવેલ જેઓ દવા લઇને રોડની સામે ગએલા અને બીજા પેસન્ટોને દવા આપતો હતો ત્યારે રસ્તા પર રાડા રાડીનો અવાજ આવતો

હોય અને હું ગએલ તો આ ભાણજીભાઈ ચનાભાઈને કાંધી ગામના ભાણજીભાઈ રામજીભાઇ સાખટે પાઈપથી મારલે હોય તેવુ બનેલ નથી. આવા કોઇ બનાવ બાબતે પોલીસે મારી કોઇ પુછપરછ કરેલ હોય તેવુ બનેલ નથી.

**હોસ્ટાઈલ –** સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં ન હોઈ વી.એ.પી.પી.શ્રી એ સાહેદને ફરી ગએલ જાહેર કરવા વિનંતી કરતાં સાહેદને ફરી ગયેલાં જાહેર કરી વી.એ.પી.પીશ્રી ને સુચક સવાલો પુછવા પરવાનગી આપવામાં આવે છે.

એ વાત ખરી નથી કે મેં મારા નિવેદનમાં એવુ લખાવેલ કે તા.૧૩/૧૨/૨૦૧૬ના રોજ હું પ્રકાશ મેડીકલ સ્ટોર ઉના પર હતો ત્યારે બનાવ વખતે નવેક વાગે અમારી દુકાનમાં ભાણજીભાઈ ચનાભાઈ દવાલેવા આવેલ જેઓ દવા લઈને રોડની સામે ગએલા અને બીજા પેસન્ટોને દવા આપતો હતો ત્યારે રસ્તા પર રાડા રાડીનો અવાજ આવતો હોય અને મેં જોએલ તો કાંધી ગામના ભાણજીભાઈ રામજીભાઈ સાખટે પાઈપથી ભાણજીભાઈ ચનાભાઈને માથામાં મારેલુ અને ભુંડી ગાળો આપી તે દરમીયાન ભાણજીભાઈની દિકરી સોનલ વચ્ચે પડી છોડાવેલ જે બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી મારુ નિવેદલ લીધેલુ. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી મારુ નિવેદન લીધેલ હોય અને મેં બનાવ બનતા નજરે જોએલ હોવા છતાં આરોપીને બચાવવા ખોટી જુબાની આપુ છુ. *સ.ત.પુરી* **ઉ.ત. આરોપીના વિ.વ.શ્રી.એન.આર.કીડેચા**

એ વાત ખરી છે કે બનાવ બાબતે હું કાઈ જાણતો નથી અને બનાવ બનતા મેં નજરે જોએલ નથી. એ વાત ખરી છે કે પોલીસે મારુ કોઇ નિવેદન લીધેલ નથી.

**PW – 9 / Exh. 62: Jashabhai Jesingbhai Parmar**

*(Retired Police ASI – Formal Witness)* **આંક – ૬૨**

- જશાભાઇ જેસીંગભાઇ પરમાર **સરકાર તરફે સરતપાસ વિ.એ.પી.પી.શ્રી વસાવા દ્વારા**

હુ સને–૨૦૧૬ માં એ.એસ.આઇ તરીકે ઉના પો.સ્ટેમાં ફરજ ઉપર હતો ત્યારે અમારી સાથે એ.એસ.આઇશ્રી આર.બી.જાડેજા તથા પો.હેડ.કોન્સ ડી.એમ.રાઠોડ નાઓ પણ ઉના પો.સ્ટેમાં ફરજ બજાવતા હતા. અમે સાથે નોકરી કરતા હોઇએ હુ તેઓની સહીથી વાકેફ છુ.

મને ફો.કે.નં.૨૭૫/૨૦૧૭ ના પોલીસ કાગળો બતાવતા જેમાંના તા.૦૨.૧૨.૨૦૧૬ ના રોજ નો તપાસના હુકમ કે જે ડી.એમ.રાઠોડના નામ જોગ છે અને પી.એસ.ઓ તરીકે આર.બી.જાડેજાની સહી ઓળખી બતાવુ છુ, જેને રજુ દાખલ આંક. ૬૩ આપવામાં આવે છે. તથા ડી.ઓ. નં.૧૦૮૭/૨૦૧૬ મને બતાવતા જેમાં પી.એસ.ઓ તરીકે આર.બી.જાડેજાની સહી ઓળખી બતાવુ છુ. તથા મને આંક–૨૨ તથા ૨૪ વાળુ પંચનામુ બતાવતા તેમાં રૂબરુ પણામાં પો.હેડ.કોન્સશ્રી ડી.એમ.રાઠોડની સહી ઓળખી બતાવુ છુ, વધુમાં ફો.કે.નં.૨૭૫/૨૦૧૭ વાળી ચાર્જશીટ મને બતાવતા જેમાં ચાર્જશીટ કરનાર તરીકે ડી.એમ.રાઠોડની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. **આરોપી તરફે ઊલટતપાસ વિ.વ.શ્રી :– એન.આર.કીડેચા** એ વાત ખરી છે કે, અમો ઉના પોલીસ સ્ટેશનમાં સાથે નોકરી કરતા હોય તેથી હુ પી.એસ.ઓ તથા ત.ક.અશ્રીની સહીઓ ઓળખુ છુ. એ વાત ખરી છે કે, કામની મને કોઇ જાત માહીતી નથી. *ઊલટતપાસ પુરી.*

**PW – 10 / Exh. 33: Lakhujibhai Kanabhai Nandwana** *(Neighboring Shopkeeper Bystander)* **આંક ૩૩ નામઃ** લખુજીભાઈ, **પિતા/પતિનું નામઃ** કાનાભાઈ નંદવાણા **સરકાર તરફે સરતપાસ વિ.એ.પી.પી.શ્રી વસાવા દ્વારા**

આરોપીને હું ઓળખતો નથી. હું કામનાં ફરિયાદીને પણ ઓળખતો નથી. બનાવ બાબતે હું કઈ જાણતો નથી. સાતેક વર્ષ પહેલા હું મારી દુકાને આવતો હોઉં ત્યારે ૫૦૦ તથા ૧૦૦૦ ની નોટ બદલવા માટે ગયેલ. ત્યાથી પરત બસ સ્ટેશન પ્રકાશ મેડીકલ સામે આવેલ હોય ત્યારે રોડ ઉપર કાંધી ગામનાં કોઇ વ્યક્તિ સાથે માથાકૂટ થઈ હોય તે બાબતે હું જાણતો નથી. આવા કોઇ બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી છે કે, કેમ તે હાલ મને ખબર નથી.

**હોસ્ટાઇલ –** સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં ન હોઈ વી.એ.પી.પી.શ્રી એ સાહેદને ફરી ગએલ જાહેર કરવા વિનંતી કરતાં સાહેદને ફરી ગયેલાં જાહેર કરી વી.એ.પી.પીશ્રી ને સુચક સવાલો પુછવા પરવાનગી આપવામાં આવે છે.

૨. એ વાત ખરી નથી કે, મેં મારા નિવેદનમાં એવું લખાવેલ નથી કે, તા. ૦૨/૧૧/૨૦૧૬ ના રોજ હું ઉના એસ.બી.આઇ. બેન્કમાં ૫૦૦–૧૦૦૦ ની નોટ બદલવા માટે આવેલો ત્યારે પ્રકાશ મેડીકલ સ્ટોર પાસે સવારનાં દસેક વાગ્યે કાંધી ગામનાં ભાણજીભાઈ રામજીભાઇએ ભાણજીભાઈ ચનાભાઈને ભુંડી ગાળો બોલી માથામાં લોખંડની નળી વડે માર મારેલાનું મેં જાણેલું. જે બનાવ બાબતે પોલીસે પુછપરછ કરી મારૂ નિવેદન લીધેલું હોવા છતાં સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું. *સરતપાસ પૂર્ણ*

**આરોપી તરફે ઊલટતપાસ વિ.વ.શ્રી એન.આર.કિડેચા દ્વારા** એ વાત ખરી છેકે, પ્રકાશ મેડીકલ સ્ટોરની બાજુમાં મારી દુકાન આવેલી છે. એ વાત ખરી છે કે, હું બનાવ વખતે ત્યાં હાજર ન હતો અને બનાવ બાબતે હું કઇ જાણતો નથી. *ઊલટતપાસ પૂર્ણ.*

## PW – 11 / Exh. 32: Divansingh Panamsingh Sikh

*(Locksmith Bystander)* **આંક – ૩૨ મારુ નામ :** દિવાનસિંગ પનામસિંગ સિખ

**સરતપાસ :– વિ. એ.પી.પી.શ્રી કે.ડી.વસાવા:–** હુ આરોપી ભાણજીભાઈ રામજીભાઈને કે ફરીયાદીને ઓળખતો નથી. બનાવ બાબતે હું કાઈ જાણતો નથી. છ સાત વર્ષ પહેલા હુ મારા ધંધાની જગ્યાએ હાજર હોય અને દસેક વાગે મેડીકલ સ્ટોરની બાજુમાં બે માણસો વચ્ચે ઝધડો થતા એક ઈસમે લોખંડની પાઈપથી બીજા ઈસમને માથમાં મારેલ હોય તે મે નજરે જોએલ હોય તેવુ બનેલ નથી. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી કે તે મને હાલ યાદ નથી.

**હોસ્ટાઈલ –** સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોઈ વી.એ.પી.પી.શ્રી એ સાહેદને ફરી ગયેલ જાહેર કરવા વિનંતી કરતા સાહેદને ફરી ગયેલાં જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીને સુચક સવાલો પુછવા પરવાનગી આપવામાં આવે છે.

એ વાત ખરી નથી કે, મે મારા નિવેદનમાં એવુ લખાવેલ કે, તા.૨/૧૨/૧૬ ના રોજ અમારી ધંધાની જગ્યાએ તાળાકુચીની લારી પર હતો ત્યારે દસેક વાગે મારી લારીની બાજુમાં પ્રકાશ મેડીકલ સ્ટોરની બાજુમાં બે માણસો ઝધડતા હતા અને એક ઈસમે લોખંડના પાઈપ થી બીજા માણસને માથમાં મારી દેતા જે ઈજા પામનાર માણસ કાંધી ગામના ભાણજીભાઈ ચનાભાઈ સાંખટ હોવા અને પાઈપ મારનાર માણસ ભાણજીભાઈ રામભાઈ સાંખટ હોવાનુ મે જાણેલું. એ વાત ખરી નથી કે, બનાવ મે નજરે જોએલ હોય,

પોલીસે બનાવ બાબતે મારી પુછપરછ કરી મારુ નિવેદન લીધેલ હોવા છતા હુ સોગંદ પર ખોટી જુબાની આપુ છુ. *સરતપાસ પુર્ણ.*

**ઉલટતપાસ :– આરોપી તરફે વિ. વકીલ શ્રી :– એન.આર.કીડેચા** એ વાત ખરી છે કે, બનાવ બાબતે હુ કાઈ જાણતો નથી. *ઉલટતપાસ પુર્ણ.*

## PW – 12 / Exh. 35: Rajabhai Chanabhai Sankhat

*(Complainant's Brother)* **આંક –૩૫** ચનાભાઈ સાંખટ

**સરકાર તરફે સરતપાસ વિ.એ.પી.પી.શ્રી વસાવા દ્વારા** ૧. આ કામનાં આરોપીઓને ઓળખુ છું જેઓ માાર ગામમાં અગાઉ રહેતા હતા.

૨. આ કામનાં ફરિયાદી મારા ભાઈ થાય છે. બનાવ બાબતે હું કઇ જાણતો નથી. મારા ભાઈ ભાણજીભાઈ ચનાભાઈને ભાણજીભાઈ રામજીભાઈએ માર મારી ભુંડી ગાળો આપેલી તેવા કોઈ બનાવ બાબતે હું કઇ જાણતો નથી. અને આવા કોઈ બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી મારૂ નિવેદન લીધેલું તે હાલ મને નથી.

**હોસ્ટાઇલ –** સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં ન હોઈ વી.એ.પી.પી.શ્રી એ સાહેદને ફરી ગએલ જાહેર કરવા વિનંતી કરતાં સાહેદને ફરી ગયેલાં જાહેર કરી વી.એ.પી.પીશ્રી ને સુચક સવાલો પુછવા પરવાનગી આપવામાં આવે છે.

૩. એ વાત ખરી નથી કે, મેં મારા નિવેદનમાં એવું લખાવેલ છે કે, તા. ૦૨/૧૨/૨૦૧૬ નારોજ સવારે હું મારા ઘરે હતો ત્યારે મારા ભાઈ ભાણજીભાઈ ચનાભાઈનો ફોન આવેલ અને જણાવેલ કે, સવારે દસેક વાગ્યે ઉના એસ.ટી. બસસ્ટેશન પાસે પ્રકાશ મેડીકલમાં દવા લેવા જતા ભાણજીભાઈ રામજીભાઈએ મને કહેલ કે, તું કાંધી ગામની ગોચરની જમીનનો ઉના કોર્ટમાં કેસ ચાલે છે તેમા કેમ રસ લો છો તેમ કહી મને ભુંડી ગાળો આપી માથામાં પાઈપથી મારેલું જેથી હું ઉના દવાખાને દાખલ થયેલો છું તેમ જણાવતા હું ઉના સરકારી દવાખાને આવેલ અને જોયેલું તો મારા ભાઈને માથામાં અને હાથમાં વાગેલું હતું. એ વાત ખરી નથી કે, બનાવ બાબતે

પોલીસે મારી પુછપરછ કરી નિવેદન લીધેલ હોવા છતાં આરોપીને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું. *સરતપાસ પૂરી.*

**આરોપી તરફે વિ.વ.શ્રી એન.આર. કિડેચા દ્વારા ઊલટતપાસ** *ઊલટતપાસ નથી.*

**PW – 13 / Exh. 36: Deepakbhai Karamanbhai Sankhat** *(Village Witness)* **સરકાર તરફે સરતપાસ વિ.એ.પી.પી.શ્રી વસાવા દ્વારા**

૧. આ કામનાં આરોપીઓને ઓળખુ છું જેઓ મારા ગામમાં અગાઉ રહેતા હતા.

૨. આ કામનાં ફરિયાદી ભાણજીભાઇ ચનાભાઈ મારા ગામનાં છે. બનાવ બાબતે હું કઇ જાણતો નથી. મારા ગામનાં ભાણજીભાઇ ચનાભાઇને ભાણજીભાઇ રામજીભાઇએ માર મારી ભુંડી ગાળો આપેલી તેવા કોઇ બનાવ બાબતે હું કઇ જાણતો નથી અને આવા કોઇ બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી મારૂ નિવેદન લીધેલું તે હાલ મને નથી.

**હોસ્ટાઇલ –** સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં ન હોઇ વી.એ.પી.પી.શ્રી એ સાહેદને ફરી ગએલ જાહેર કરવા વિનંતી કરતાં સાહેદને ફરી ગયેલાં જાહેર કરી વી.એ.પી.પીશ્રી ને સુચક સવાલો પુછવા પરવાનગી આપવામાં આવે છે.

૩. એ વાત ખરી નથી કે, મેં મારા નિવેદનમાં એવું લખાવેલ છે કે, તા. ૦૨/૧૨/૨૦૧૬ ના રોજ સવારે હું મારા ઘરે હતો ત્યારે વાતો વાતોથી જાણવા મળેલું કે, સવારે દસેક વાગ્યે ઉના એસ.ટી. બસસ્ટેશન પાસે પ્રકાશ મેડીકલમાં દવા લેવા જતા ભાણજીભાઇ રામજીભાઇએ મને કહેલ કે, તું કાંધી ગામની ગોચરની જમીનનો ઉના કોર્ટમાં કેસ ચાલે છે તેમા કેમ રસ લો છો તેમ કહી મને ભુંડી ગાળો આપી માથામાં પાઇપથી મારેલું જેથી હું ઉના દવાખાને દાખલ થયેલો છું તેમ જણાવતા હું ઉના સરકારી દવાખાને આવેલ અને જોયેલું તો મારા ભાઈને માથામાં અને હાથમાં વાગેલું હતું. એ વાત ખરી નથી કે,

બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી નિવેદન લીધેલ હોવા છતાં આરોપીને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

*સરતપાસ પૂરી.*

**આરોપી તરફે વિ.વ.શ્રી એન.આર.કિડેચા દ્વારા ઊલટતપાસ** *ઊલટતપાસ નથી.*

**PW – 14 / Exh. 37: Tribhovanbhai Chanabhai Sankhat** *(Complainant's Brother)* **સરકાર તરફે સરતપાસ વિ.એ.પી.પી.શ્રી વસાવા દ્વારા** ૧. આરોપીનેહું ઓળખું છું જેઓ આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે.

૨. ફરિયાદી ભાણજીભાઇ ચનાભાઇ મારા મોટાભાઇ થાય છે. બનાવ છ સાત વર્ષ પહેલા બનેલો. ત્યારે દિવસે હું મારા ઘરે હતો. ત્યારે મારી ભત્રીજી ભુરીબેનનો મારા પર ફોન આવેલ અને તેઓએ જણાવેલ કે, પ્રકાશ મેડીકલ પાસે પપ્પાને કોઇ મારી ગયેલ છે જેથી તેને સરકારી દવાખાને લાવેલા છે. તેમ જણાવતા હું તથા દિપકભાઇ તથા મારા નાનાભાઇ રાજાભાઇ એ રીતે અમે ઉના સરકારી દવાખાને આવેલા અને જોયેલું તો મારા ભાઇને માથાનાં પાછળનાં ભાગે ઇજા થયેલી હતી. મેં મારા ભાઇને પુછતા જણાવેલ કે, ભાણજીભાઇ રામભાઇએ મને મારેલ છે. પોલીસે મારી પુછપરછ કરેલી નથી.

**હોસ્ટાઇલ –** સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં ન હોઇ વી.એ.પી.પી.શ્રી એ સાહેદને ફરી ગએલ જાહેર કરવા વિનંતી કરતાં સાહેદને ફરી ગયેલાં જાહેર કરી વી.એ.પી.પીશ્રી ને સવાલો પુછવા પરવાનગી આપવામાં આવે છે.

૩. એ વાત ખરી છે કે, મેં મારા નિવેદનમાં એવું લખાવેલ છે કે, બનાવના દિવસે અગિયારેક વાગ્યે મારાભાઇ ભાણજીભાઇ ચનાભાઇને જોવા સરકારી દવાખાને આવતા તેને પુછતા મારાભાઇએ જણાવેલ કે, હું પ્રકાશ મેડીકલમાં દવા લેવા જતા આપણા ગામનાં ભાણજી રામભાઇ ત્યાં આવેલા અને મારી સાથે ઝઘડો કરી કહેલ કે, ગામની ગૌચર જમીનનો કેસ કોર્ટમા ચાલે છે તેમા તું શું કામ આવે છે તેમ કહી ભુંડી ગાળો આપી ભાણજી રામજીએ પાઇપથી

મને માથામાં મારેલું. એ વાત ખરી છે કે, આ બનાવ બાબતે પોલીસ બીજે દિવસે મારી ઘરે આવી મારી કુપરછ કરી મારૂ નિવેદન લીધેલું.

*સરતપાસ પૂરી.*

**આરોપીઓ તરફે ઊલટતપાસ વિ.વ. શ્રી એન.આર.કિડેચા દ્વારા** ૪. એ વાત ખરી છે કે, બનાવ મેં નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, મેં મારા નિવેદનમાં એવું લખાવેલ નથી કે, હું દવાખાને આવ્યો ત્યારે મારી સાથે દિપકભાઈ હતા. એ વાત ખરી છે કે, મેં મારા નિવેદનમાં એવું લખાવેલ નથી કે, મારી ભત્રીજીનો મારા પર ફોન આવેલો. એ વાત ખરી છે કે, આરોપીએ મારી સામે કેસ કરેલો છે. એ વાત ખરી નથી કે, પોલીસે મારી પુછપરછ કરી નથી. પોલીસે મારી પુછપરછ બનાવનાં બે ત્રણ દિવસ પછી કરેલી. એ વાત ખરી નથી કે, બનાવ બન્યા પછી હું મારા ભાઇને દવાખાને મળવા આવેલાનું ખોટુ જણાવું છું. એ વાત ખરી નથી કે, મારા ભાઇએ મને બનાવની કોઇ વાત કરેલ હોય તે હકીકત હું ખોટી જણાવું છું. એ વાત ખરી નથી કે, આરોપીએ મારા ભાઇને પાઇપથી મારેલ હોય તે હકીકત હું ખોટી જણાવું છું. એ વાત ખરી નથી કે, પોલીસે ફકત મારૂ નામ અને સરનામુ જ પુછેલું છે. એ વાત ખરી નથી કે, આરોપીએ અમારા પર કેસ કરેલો હોય તેથી મારા ભાઇએ આરોપી પર ખોટી ફરિયાદ આપેલી હોય તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું. *ઊલટતપાસ પૂરી.*

## PW – 15 / Exh. 38: Dr. Pradyuman Dhirubhai Jadav

*(Medical Officer Witness)* **સરતપાસ :- વિ. એ.પી.પી.શ્રી કે.ડી.વસાવા:-**

(૧) ગઈ તા.૨/૧૨/૨૦ — ૬ના રોજ હુ સી.એચ.સી ખાતે ઉના મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતો હતો ત્યારે ભાણજીભાઈ ચનાભાઈ સાંખટ, ઉ.વ.૪૦, રહે.કાંધી, તા.ઉનાવાળા રાત્રે ૧૨:૩૦ કલાકે પોલીસ યાદી વગર અમારી પાસે સારવાર અર્થે આવેલ જે બાબતે ઉના પો.સ્ટે.ને જાણ કરેલ બાદ આવેલ ઈદીને હિસ્ટી અંગે પૂછતા ભાણજીભાઈ રામજી અને ભાનુબેન પ્રેમજીભાઈએ એમના પર લોખડના પાઈપ વડે આશરે રાતે ૧૧:૩૦ કલાકે

પ્રકાશ મેડીકલ,ઉના પાસે હુમલો કરેલો હોવાનું જણાવેલ જેઓને તપાસતા જેઓની જનરલ એકઝામીનેશન નોર્મલ હતી. વાઈટલ સ્ટેબલ હતા. સીસ્ટેમીક એકઝામીનેશન નોર્મલ હતુ. તેઓને તપાસતા નીચે મુજબની ઈજાઓ જણાય આવેલી.

(૧.૧) આશરે ૧ સે.મી જેટલુ ખોપરીના જમણી બાજુએ કપાયેલો છુદાયેલો ધા હતો.

(૧.2) ખોપરીના જમણા માસ્ટોઈડના ભાગે આશરે ૨ X ૧ સે.મીનો મુંઢ ધા હતો.

(૧.૩) જમણા પગની જાંગ પર આશરે ૨ સે.મીનો સોજો હતો.

(૨) જેઓને મે ઓ.પી.ડી સારવાર આપી તે જ દિવસે ડીસ્ચાર્જ કરેલા. ઉપરોકત કહેવાતી ઈજા જો કોઈ તકલીફ ન થાય તો સાત દિવસ(એક અઠવાડીયા)મા મટી શકે તેવી હતી અને આ ઈજાઓ અણીદાર અને બોથડ પદાર્થથી સંભવી શકે તેવી હતી.

(૩) આ ઈદીને આપેલ સારવાર અંગેનું સર્ટી મે પોલીસને આપેલુ જે અસલ સારવાર સર્ટી રજુ કરુ છુ જેમાં મારા હસ્તાક્ષર અને સહી તથા પ્રિન્ટેડ સિકકો છે જે ઓળખી બતાવુ છુ તે તે જ છે જે સારવાર સર્ટી રજુ દા.આંક ૩૯ તથા ઓ.પી.ડી કેસ પેપર્સ આજરોજ હુ મારી સાથે લાવેલ છુ જે મારા હસ્તાક્ષરમા છે જે ઓ.પી.ડી કેસ પેપર્સ રજુ દા.આંક ૪૦. *સરતપાસ પુરી.*

**ઉલટતપાસ :– આરોપી તરફે વિ. વકીલ શ્રી :–એન.આર.કીડેચા**

(૪) એ વાત ખરી છે કે, ઈદી પોલીસ યાદી વિના આવેલ. એ વાત ખરી છે કે, ઈદીને થયેલ ઈજાઓ સામાન્ય પ્રકારની હતી. એ વાત ખરી છે કે, ઈજા કેટલી જુની હતી તેવુ સર્ટીફિકેટમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, જો કોઈ વ્યકિત દોડતા બોથડ પદાર્થ પર પડે તો ઈદીને થઈ છે તેવી ઈજા સંભવી શકે. *ઉલટતપાસ પુર્ણ.*

**PW** – 16 / **Exh**. 61: **Harjibhai Dhansukhbhai Babariya** *(Public Witness)* **સરકાર તરફે સરતપાસ વિ.એ.પી.પી.શ્રી વસાવા દ્વારા** આરોપીને હુ ઓળખતો નથી. ફરીયાદી ભાણજીભાઇ ચનાભાઇ સાંખટને ઓળખુ છ તે મારા કુટુંબી થયા છે.

બનાવ બાબતે હુ કાઇ જાણતો નથી. નવેક વર્ષ અગાઉ આરોપીની સાથે ભાણજીભાઇ ચનાભાઇને કોઇ મારા મારી કરી માથાકુટ કરી ઝધડો કરી માર મારેલ હોય તેવા કોઇ બનાવ બાબતે પોલીસે મારી કોઇ પુછપરછ કરી મારુ કોઇ નિવેનદ લીધેલ હોય તેવુ બનેલ નથી.

**હોસ્ટાઇલ:–** સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં ન હોઇ વી.એ.પી.પી.શ્રી એ સાહેદને ફરી ગએલ જાહેર કરવા વિનંતી કરતાં સાહેદને ફરી ગયેલાં જાહેર કરી વી.એ.પી.પીશ્રીને સુચક સવાલો પુછવા પરવાનગી આપવામાં આવે છે.

એ વાત ખરી નથી કે, મે મારા નિવેદનમાં તા.૦૧.૦૧.૨૦૧૭ના રોજ એવુ લખાવેલ કે, ગઇ તા.૦૨.૧૨.૨૦૧૬ ના રોજ સાડા દસેક વાગ્યે હુ ઉના ટાવર ચોકમાં હતો ત્યારે દસ સાડા દસ વાગ્યે મને ફોન થી જાણ થયેલી કે મારા મામાના દીકરા ભાણજીભાઇ ચનાભાઇને ભાણજીભાઇ રામજીભાઇએ ઝ'ડો કરી માથામાં ટી મારતા તેઓને ઉના દવાખને સારવાર અર્થે દાખલ કરેલ છે તેથી હુ ઉના સરકારી દવાખાને ગયેલ અને તેઓ ત્યા સારવારમાં હતા ત્યારે તેઓ મને જણાવેલ કે, હુ ઉના એસ.ટી બસ સ્ટેશન સામે પ્રકાશ મેડી.ની સામે આપણા ગામના ભાણજીભાઇ રામજીભાઇ આવેલ અને મને કહેલ કે, તુ ગામની ગૌચર જમીનમાં ગામ લોકોને કેમ જમીન બાબતે સાથ આપેલ છે, તેમ કહી મારી સાથે ઝધડો કરી મને ભુંડી ગાળો આપી લોખંડની ટી થી મને માથામાં મારેલ. ત્યારે મારા મિત્ર સોહીલભાઇ મને દવાખાને લાવેલ છે.

એ વાત ખરી નથી કે, બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી મારુ નિવેદન લીધેલ હોવા છતા હુ ખોટી જુબાની આપુ છુ. **આરોપી તરફે ઊલટતપાસ વિ.વ.શ્રી :–એન.આર.કીડેચા** *ઊલટતપાસ નથી.*

**PW – 17 / Exh. 44: Rajnikant Dhirajlal Someiya** *(Public Witness)*

**સરકાર તરફે સરતપાસ વિ.એ.પી.પી.શ્રી વસાવા દ્વારા** ૧. હું આરોપી તથા ફરિયાદીને ઓળખતો નથી. ભાણજીભાઇ ચનાભાઇ સાંખટને આરોપીએ કોઇ માર મારી ભુંડી ગાળો આપી ઇજા પહોંચાડેલ હોચ તેવા કોઇ બનાવ બાબતે હું કઇ જાણતો નથી. પોલીસે આવા કોઇ બનાવ બાબતે મારી કોઇ પુછપરછ કરેલ નથી.

**હોસ્ટાઇલ –** સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં ન હોઇ વી.એ.પી.પી.શ્રી એ સાહેદને ફરી ગએલ જાહેર કરવા વિનંતી કરતાં સાહેદને ફરી ગચેલાં જાહેર કરી વી.એ.પી.પીશ્રી ને સુચક સવાલો પુછવા પરવાનગી આપવામાં આવે છે.

૩. એ વાત ખરી નથી કે, મેં મારા નિવેદનમાં એવું લખાવેલ કે, તા. ૦૨/૧૨/૨૦૧૬ નારોજ દસેક વાગ્યે ઉના એસ.ટી. સ્ટેન્ડ નજીક પ્રકાશ મેડીકલની બાજુમાં ભાણજીભાઇ ચનાભાઇ સાંખટ રહે. કાંધીવાળાને ભાણજીભાઇ રામજીભાઇ તથા ભાનુબેન પ્રેમજીભાઈ ને મારામારી કરેલ છે અને ભાણજીભાઇ ચનાભાઇને લોખંડના પાઇપથી મારેલા બાબતે પોલીસે મને પુછપરછ કરતા મેં નિવેદનમાં એવું લખાવેલ કે, ભાનુબેન પ્રેમજીભાઇ રહે. ખારાવાળા મારી ગુજરાત મીલમાં મજુરીએ આવે છે તેઓની સાથે અંદાજીત સાઇઠ જેટલા બૈચરાઓ આવે છે જેમા ભાનુબેન પણ મજુરીએ આવે છે એટલું મેં પોલીસને મારા નિવેદનમાં લખાવેલું. એ વાત ખરી નથી કે, આ બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી નિવેદન લીધેલ હોવા છતાં સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું. *સરતપાસ પૂરી. ઊલટતપાસ / ફેરતપાસ નથી.*

## ૮ . વિવાદિત મુદ્દાઓ અને તેના પરના નિર્ણયો (**Points for Determination and Answers**)

| નં. | ન્યાયનિર્ણય માટેના મુખ્ય મુદ્દાઓ (**Points for Determination**) | અદાલતનો નિર્ણય / જવાબ (**Findings**) |
|---|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ એ નિ:શંકપણે અને શંકાથી પર પુરવાર કરવામાં સફળ રહ્યું છે કે, ગઇ તા. ૦૨/૧૨/૨૦૧૬ ના રોજ ઉના એસ.ટી. બસ સ્ટેશન સામે પ્રકાશ મેડીકલ સ્ટોર પાસે, આરોપી નં.૧ અને આરોપી નં.૨ એ એકસંપ થઇ, અગાઉની જમીનની અદાવતનું મનદુઃખ રાખી, ફરિયાદી ભાણજીભાઇ ચનાભાઇ સાંખટને લોખંડની પાઇપ ('ટી' આકારના હથિયાર) વડે માથામાં તેમજ શરીરે સ્વેચ્છાપૂર્વક ઘા મારી ઈજા પહોંચાડી **આઇ.પી.સી. કલમ ૩૨૪, ૩૨૩ અને ૧૧૪** મુજબનો ગુન્હો આચરેલ છે? | **નકારમાં (In the Negative)** |
| ૨. | શું ફરીયાદપક્ષ એ શંકાથી પર પુરવાર કર્યું છે કે, ઉક્ત બનાવના સ્થળે અને સમયે આરોપીઓએ ફરિયાદીને જાહેર જનતાની હાજરીમાં ભુંડી–અપશબ્દ ગાળો આપી, જાહેર શાંતિનો ભંગ કરવાના ઈરાદાથી તેમનું અપમાન કરી **આઇ.પી.સી. કલમ ૫૦૪** અને **ગુજરાત પોલીસ એક્ટ (GP Act) ની કલમ ૧૩૫** નો ભંગ કરેલ છે? | **નકારમાં (In the Negative)** |
| ૩. | શું ફરીયાદપક્ષ એ શંકાથી પર પુરવાર કર્યું છે કે, કથિત ઝપાઝપી (જડજોટ) દરમિયાન ફરિયાદીનું ખિસ્સું ફાટી જતાં નીચે પડી ગયેલા વેપાર–ધંધાના | **નકારમાં (In the Negative)** |

| નં. | ન્યાયનિર્ણય માટેના મુખ્ય મુદ્દાઓ (**Points for Determination**) | અદાલતનો નિર્ણય / જવાબ (**Findings**) |
|---|---|---|
| | નાણાંની આરોપીઓએ ગુનાહિત અપ્રમાણિકતાપૂર્વક ઉચાપત કે ચોરી કરી **આઇ.પી.સી. કલમ ૪૦૩** મુજબનો ગુન્હો કરેલ છે? | |
| ૪. | આખરી હુકમ ? | **આખરી હુકમ મુજબ (As per Final Order)** |

**૭. <u>ભારતીય દંડ સંહિતા (IPC) અન્વયે આ કેસમાં લગાડવામાં આવેલી કલમોના કાનૂની ઘટકો (Ingredients of Offence) નીચે મુજબ છે</u>**

**૧. કલમ ૩૨૪: જીવલેણ હથિયારો અથવા સાધનો વડે સ્વેચ્છાપૂર્વક વ્યથા (ઇજા) પહોંચાડવી**

આ કલમ હેઠળનો ગુન્હો સાબિત કરવા માટે ફરિયાદી પક્ષે નીચેના ઘટકો પુરવાર કરવા પડે છે:

- **સ્વેચ્છાપૂર્વકનું કૃત્ય:** આરોપીએ જાણીજોઈને અથવા તે કૃત્યથી ઈજા થશે તેવા જ્ઞાન સાથે વ્યથા (Hurt) પહોંચાડી હોવી જોઈએ.
- **વ્યથા (ઇજા) પહોંચાડવી:** આ કૃત્ય દ્વારા સામી વ્યક્તિને શારીરિક પીડા, રોગ અથવા અશક્તિ પેદા થયેલ હોવી જોઈએ (આઇ.પી.સી. કલમ ૩૧૯ મુજબ).
- **સાધન અથવા હથિયાર:** આવી ઇજા પહોંચાડવા માટે શૂટિંગ કરવાના, કાપવાના કે ખૂંચાડવાના સાધનનો અથવા એવા હથિયારનો ઉપયોગ થયો હોવો જોઈએ જેનો જો હુમલા માટે ઉપયોગ કરવામાં આવે તો

સામાન્ય રીતે મૃત્યુ નીપજવાની પૂરેપૂરી સંભાવના હોય (જેમ કે આ કેસમાં માથા જેવા નાજુક ભાગ પર લોખંડની પાઇપ/ટી નો ઉપયોગ).

### ૨. કલમ ૩૨૩: સ્વેચ્છાપૂર્વક સાદી વ્યથા (ઈજા) પહોંચાડવા બદલ સજા

આ કલમ ૩૨૪ ની અંદર સમાવિષ્ટ નાનો ગુન્હો છે. તેના મુખ્ય ઘટકો નીચે મુજબ છે:

- **ઈરાદો અથવા જ્ઞાન:** આરોપીનો ઈરાદો સામી વ્યક્તિને શારીરિક ઈજા પહોંચાડવાનો હોવો જોઈએ, અથવા તેને જ્ઞાન હોવું જોઈએ કે તેના કૃત્યથી ઈજા થવાની સંભાવના છે.
- **પરિણામી ઈજા:** આરોપીના કૃત્યના પરિણામે સામી વ્યક્તિને વાસ્તવમાં સાદી શારીરિક ઈજા (Simple Hurt) પહોંચેલી હોવી જોઈએ.
- **ગંભીર ઉશ્કેરણીનો અભાવ:** આવી ઈજા કોઈ પણ પ્રકારની ગંભીર અને અચાનક ઉશ્કેરણી (Grave and Sudden Provocation) વગર કરવામાં આવી હોવી જોઈએ.

### ૩. કલમ ૫૦૪: શાંતિનો ભંગ કરાવવાના ઈરાદાથી ઈરાદાપૂર્વક અપમાન કરવું

કલમ ૫૦૪ હેઠળનો ગુન્હો બને તે માટે નીચેના કાનૂની ઘટકો સંતોષાવવા જરૂરી છે:

- **ઈરાદાપૂર્વક અપમાન:** આરોપીએ કોઈ વ્યક્તિનું ઈરાદાપૂર્વક અપમાન (Intentional Insult) કરેલું હોવું જોઈએ.
- **ઉશ્કેરણી:** આવું અપમાન એવા પ્રકારનું હોવું જોઈએ જે અપમાનિત વ્યક્તિને ઉશ્કેરે.

- **ગુનાહિત માનસ (Mens Rea):** આરોપીનો ઈરાદો અથવા તેનું જ્ઞાન એવું હોવું જોઈએ કે આ પ્રકારની ઉશ્કેરણીના કારણે સામી વ્યક્તિ જાહેર શાંતિનો ભંગ કરશે અથવા અન્ય કોઈ ગુન્હો આચરશે.

**૪. કલમ ૪૦૩: મિલકતની ગુનાહિત અપ્રમાણિકતાપૂર્વક ઉચાપત**

કલમ ૪૦૩ હેઠળ ગુન્હો પ્રસ્થાપિત કરવા માટેના આવશ્યક ઘટકો નીચે મુજબ છે:

- **જંગમ મિલકત:** જે મિલકત બાબતે ગુન્હો બન્યો હોય તે જંગમ મિલકત (Movable Property) હોવી જોઈએ
- **ઉચાપત/રૂપાંતર:** આરોપીએ તે મિલકતની પોતાના અંગત વપરાશ માટે ઉચાપત (Misappropriation) કરેલી હોવી જોઈએ અથવા તેને પોતાના ઉપયોગમાં ફેરવી દીધેલી હોવી જોઈએ.
- **અપ્રમાણિક ઈરાદો:** ઉચાપત અથવા રૂપાંતર કરતી વખતે આરોપીનો ઈરાદો અપ્રમાણિક (Dishonest Intention) હોવો જોઈએ, એટલે કે પોતાને ગેરકાયદે લાભ (Wrongful Gain) કરાવવાનો અથવા સામી વ્યક્તિને ગેરકાયદે નુકસાન (Wrongful Loss) પહોંચાડવાનો હોવો જોઈએ.

**૫. કલમ ૧૧૪: ગુન્હો આચરતી વખતે મદદગારી કરનારની (દુષ્પ્રેરકની) હાજરી**

આ કલમ પોતે કોઈ સ્વતંત્ર ગુન્હો નથી, પરંતુ એક કાનૂની સ્થિતિ દર્શાવે છે. તેના ઘટકો નીચે મુજબ છે:

- **પૂર્વ મદદગારી/દુષ્પ્રેરણ:** તે વ્યક્તિએ ગુન્હો આચરવા માટે અગાઉથી ઉશ્કેરણી, કાવતરા અથવા ઈરાદાપૂર્વક મદદ દ્વારા અગાઉથી મદદગારી (Abetment) કરેલી હોવી જોઈએ.

- **ઘટનાસ્થળે હાજરી:** જ્યારે મુખ્ય ગુન્હો આચરવામાં આવી રહ્યો હોય ત્યારે તે મદદગારી કરનાર વ્યક્તિ રૂબરૂ ઘટનાસ્થળે શારીરિક રીતે હાજર હોવી જોઈએ.

## 10. મુખ્ય વિરોધાભાસોનો એકત્રીકરણ અહેવાલ (Main Contradictions in Consolidated)

### (૧) ચક્ષુદર્શી સાક્ષીઓ અને ઘટનાસ્થળનો વિરોધાભાસ (Ocular vs. Situational Contradiction):

ફરિયાદપક્ષના કથન મુજબ આ ગંભીર હુમલો સવારના ૧૦:૦૦ થી ૧૧:૦૦ વાગ્યાના વ્યસ્ત સમયે ઉના એસ.ટી. બસ સ્ટેશનની સામે જાહેર રોડ પર પ્રકાશ મેડીકલ સ્ટોર પાસે બનેલો છે. પરંતુ આ ઘટનાસ્થળની બિલકુલ આજુબાજુ વ્યવસાય કરતા અને હાજર એવા તમામ સ્વતંત્ર સાક્ષીઓ—મેડીકલ સ્ટોરના કર્મચારી જીતુભાઇ (PW–8, Exh. 31), તાળા–ચાવીની લારીવાળા દિવાનસિંગ (PW–11, Exh. 32) અને બાજુના વેપારી લખુજીભાઇ (PW–10, Exh. 33)—એ ઉલટતપાસમાં સ્પષ્ટ જાહેર કર્યું છે કે રોડ પર આ પ્રકારનો કોઈ મારમારીનો બનાવ બન્યો જ નથી. સવારના સમયે આવા ભરચક જાહેર સ્થળે હુમલો થયો હોવા છતાં એક પણ સ્થાનિક વ્યક્તિ તેનું સમર્થન કરતી નથી, જે આખી ઘટનાની સત્યતા પર મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો કરે છે.

### (૨) ફરિયાદીની કથિત બેભાન અવસ્થા અને તબીબી વાસ્તવિકતા (Unconsciousness vs. Medical Vitality):

મુખ્ય ફરિયાદી ભાણજીભાઇ ચનાભાઇ (PW–1, Exh. 20) એ અદાલત સમક્ષ ઉલટતપાસમાં સ્વેચ્છાએ એવું જણાવ્યું કે હુમલાના કારણે તેઓ લોખંડની ટી વાગતા જ ઘટનાસ્થળે બેભાન અવસ્થામાં આવી ગયા હતા. આ હકીકત તેઓની મૂળ ફરિયાદ (Exh. 21) માં ક્યાંય લખાયેલી નથી. આનાથી તદ્દન વિપરીત, તબીબી સાક્ષી ડૉ. પ્રદ્યુમન જાદવ (PW–15, Exh. 38) એ પોતાની સરતપાસ અને ઓ.પી.ડી. કેસ પેપર્સ (Exh. 40) ના આધારે જણાવ્યું કે જ્યારે દર્દી રાત્રે ૧૨:૩૦ વાગ્યે હોસ્પિટલ આવ્યા ત્યારે

તેઓની જનરલ એક્ઝામિનેશન અને માનસિક સ્થિતિ સંપૂર્ણ નોર્મલ (Normal) હતી અને વાઇટલ્સ સ્ટેબલ (Stable) હતા. ડૉક્ટરે ક્યાંય પણ દર્દી બેભાન હોવાનું કે હિસ્ટ્રી આપવા અસમર્થ હોવાનું નોંધ્યું નથી.

**(૩) હુમલાની હકીકત અને પડી જવાથી થયેલી ઈજા (Assault vs. Accidental Fall):**

જ્યાં ફરિયાદી અને તેમના પત્ની લોખંડની પાઈપથી માથાના પાછળના ભાગે ઘા મારીને ઈજા પહોંચાડ્યાનો મક્કમ આક્ષેપ કરે છે, ત્યાં જ તબીબી નિષ્ણાત ડૉ. પ્રદ્યુમન જાદવે (PW−15) ઉલટતપાસમાં બચાવ પક્ષની દલીલને સ્વીકારતા સ્પષ્ટ કબૂલાત કરી છે કે, ફરિયાદીને આવેલી ઈજાઓ તદ્દન સાદા પ્રકારની (Simple Injuries) છે અને જો કોઈ વ્યક્તિ દોડતા−દોડતા દાદરા પરથી કોઈ બોથડ પદાર્થ પર પડી જાય, તો પણ આવી જ ઈજાઓ થઈ શકે છે.

**(૪) પંચનામાની કાયદેસરતા અને પંચોની કબૂલાત (Fabricated Panchnamas vs. Oral Admission):**

તપાસ કરનાર અધિકારીએ રેકોર્ડ પર એવું દર્શાવ્યું છે કે તેઓએ ઘટનાસ્થળનું વિગતવાર પંચનામું (Exh. 25) અને આરોપીની હાજરીમાં હથિયાર લોખંડની પાઇપ જપ્ત કરવાનું પંચનામું (Exh. 23) રૂબરૂ પંચોની હાજરીમાં કાયદેસર પ્રક્રિયા કરીને તૈયાર કર્યું હતું. પરંતુ, જપ્તી પંચનામાના પંચ અશ્વિનભાઈ (PW−4, Exh. 22) અને ઘટનાસ્થળના પંચ કાળુભાઈ (PW−2, Exh. 24) બંનેએ ઉલટતપાસમાં અદાલત સમક્ષ સ્વીકારી લીધું કે પોલીસે તેઓની હાજરીમાં કોઈ જ તપાસ કરી નથી કે કોઈ હથિયાર રિકવર કર્યું નથી; પોલીસે માત્ર પોલીસ સ્ટેશનમાં બેઠા બેઠા અગાઉથી તૈયાર કરેલા કાગળ પર તેઓની સહીઓ લીધેલી હતી. આ વિરોધાભાસ સમગ્ર દસ્તાવેજી પુરાવાની વિશ્વસનીયતા નષ્ટ કરે છે.

**(૫) આરોપી નં. ૨ ની હાજરીનો વિરોધાભાસ (Falsified Presence / Plea of Alibi):**

ફરિયાદી પક્ષે એવો ગંભીર આક્ષેપ કર્યો છે કે ગુનાના સમયે સવારે ૧૦:૦૦ વાગ્યે આરોપી નં. ૨ ભાનુબેન પ્રેમજીભાઈ ઘટનાસ્થળે હાજર હતા અને

ગુનામાં સક્રિય મદદગારી કરતા હતા. પરંતુ, ખુદ પોલીસ ચાર્જશીટની કોલમ નં. ૨ ની નોંધ અને સાક્ષી ભાનુબેનની જુબાનીમાં રજૂ થયેલ સત્તાવાર હાજરી પત્રક (Mark 1/1) એવું સાબિત કરે છે કે બનાવના દિવસે સવારે ૦૯:૦૦ વાગ્યાથી સાંજના ૦૫:૦૦ વાગ્યા સુધી તેઓ લામધાર ફાટક પાસે આવેલ 'ગુજરાત પ્રોટીન્સ મીલ' (માંડવીની મીલ) માં પોતાની મજુરીની ફરજ પર હાજર હતા અને સાંજે ૭:૩૦ વાગ્યે ઉના આવ્યા હતા. ગુનાના સમયે આરોપીની અન્યત્ર હાજરી (Alibi) પુરવાર થતાં, ફરિયાદી પક્ષે વેરભાવમાં આખી વાર્તા ખોટી ઊભી કરી હોવાનું સ્પષ્ટ ફલિત થાય છે.

**(૬) પૂર્વ અદાવત અને સગા સાક્ષીઓનું હિત (Interested Witnesses with Deep Animosity):**

ફરિયાદપક્ષે આ કેસને એક તટસ્થ ગુના તરીકે રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ ફરિયાદીના પત્ની મનીષાબેન (PW-3, Exh. 29) અને ભાઈ ત્રિભવનભાઇ (PW-14, Exh. 37) એ ઉલટતપાસમાં સ્વીકાર્યું છે કે, આરોપીઓએ તેઓની સામે અગાઉ **એટ્રોસીટી એક્ટ હેઠળ ગંભીર ફરિયાદ** નોંધાવેલી છે અને તે બાબતની ભારે દાઝ અને મનદુઃખ બંને પરિવારો વચ્ચે ચાલતું હતું. આમ, તમામ સ્વતંત્ર સાક્ષીઓ ફરી ગયા હોવા છતાં, માત્ર એટ્રોસીટીના કેસનો બદલો લેવાની દાનતથી આ સગા અને રસ ધરાવતા સાક્ષીઓએ આરોપીઓને ફસાવવા માટે જ વિરોધાભાસી જુબાનીઓ આપી હોવાનું કાનૂની ન્યાયશાસ્ત્રની નજરે પુરવાર થાય છે.

**11 . ફોજદારી ન્યાયશાસ્ત્ર અને પુરાવાઓ પર અદાલતના કાયદાકીય તારણો.**

ફોજદારી ન્યાયશાસ્ત્રનો સર્વોચ્ચ અને પાયાનો સિદ્ધાંત એ છે કે, આરોપી જ્યાં સુધી અદાલત સમક્ષ કસૂરવાર સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે. પ્રસ્તુત કેસમાં આરોપીઓ વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૧૧૪, ૪૦૩ તથા જી.પી. એક્ટની કલમ ૧૩૫ હેઠળ ગંભીર આક્ષેપો મૂકવામાં આવ્યા છે. આવા સંજોગોમાં, પુરાવા કાયદા ની જોગવાઈઓ અનુસાર, આરોપીઓ પરનો ગુન્હો "નિઃશંકપણે અને શંકાથી પર"

(Beyond Reasonable Doubt) સાબિત કરવાની સંપૂર્ણ જવાબદારી અને બોજો (Burden of Proof) ફરીયાદપક્ષ (Prosecution) ના શિરે રહે છે. ફરીયાદપક્ષનો કેસ માત્ર સંભાવનાઓ, અનુમાનો કે શંકાના આધારે સાબિત ગણી શકાય નહીં, કારણ કે કાયદાની નજરમાં ગમે તેવી પ્રબળ શંકા પણ પુરાવાનું સ્થાન લઈ શકતી નથી.

11.1 **જાહેર અને સ્વતંત્ર સાક્ષીઓનો સંપૂર્ણ વિરોધાભાસ (Total Collapse of Independent Eyewitnesses):**

સરકાર પક્ષના કથન અનુસાર, આ કથિત બનાવ સવારના આશરે ૧૦:૦૦ થી ૧૧:૦૦ વાગ્યાના ગાળામાં ઉના એસ.ટી. બસ સ્ટેશન જેવા અત્યંત વ્યસ્ત, ભરચક અને જાહેર સ્થળે પ્રકાશ મેડીકલ સ્ટોરની બિલકુલ સામે બનેલો છે. આ સંજોગોમાં કુદરતી રીતે જ આજુબાજુના વેપારીઓ અને રાહદારીઓ આ ગુનાના પ્રત્યક્ષદર્શી સાક્ષીઓ બને છે. પરંતુ અદાલત રેકોર્ડ પરના મૌખિક પુરાવા જોતાં: સાહેદ નં. ૮ જીતુભાઇ નોંધણભાઇ ડોડીયા (PW/Exh. 31), જેઓ ખુદ પ્રકાશ મેડીકલ સ્ટોરના કર્મચારી છે, તેઓએ ઉલટતપાસમાં સ્પષ્ટ સ્વીકાર્યું છે કે તેઓએ બનાવ નજરે જોયેલ નથી અને આરોપી ભાણજીભાઇ રામજીભાઇએ ફરિયાદીને પાઇપથી મારેલ હોય તેવું બનેલ નથી. સાહેદ દિવાનસિંગ પનામસિંગ (PW/Exh. 32), જેઓ બનાવ સ્થળની બાજુમાં જ તાળા-ચાવીની લારી ચલાવે છે, તેઓએ પણ ઉલટતપાસમાં સ્પષ્ટ સ્વીકાર્યું છે કે તેઓ આ બનાવ બાબતે કશું જ જાણતા નથી. સાહેદ નં. ૧૦ લખુજીભાઇ કાનાભાઇ નંદવાણા (PW/Exh. 33), જેમની દુકાન પ્રકાશ મેડીકલ સ્ટોરની બાજુમાં જ આવેલી છે, તેઓએ પણ સોગંદ ઉપર જણાવ્યું છે કે તેઓ બનાવ વખતે ત્યાં હાજર ન હતા અને કશું જ જાણતા નથી. આ ઉપરાંત અન્ય જાહેર સાક્ષીઓ જેવા કે ભાનુબેન પ્રેમજીભાઇ (PW/Exh. 58), દિનેશભાઇ કાળાભાઇ (PW/Exh. 59), મનિષભાઇ ભીખાભાઇ (PW/Exh. 60), હરજીભાઇ ધનસુખભાઇ (PW/Exh. 61) અને રજનીકાંત ધીરજલાલ સોમૈયા (PW/Exh. 44) અદાલત સમક્ષ સંપૂર્ણપણે ફરી ગયેલા (Hostile) જાહેર થયા છે અને

તેઓએ ઉલટતપાસમાં સ્વીકાર્યું છે કે તેઓ બનાવ અંગે કાંઇ જાણતા નથી. ફોજદારી ન્યાયશાસ્ત્ર અનુસાર, જ્યારે જાહેર સ્થળે બનેલા ગુનાના કેસમાં તમામ સ્વતંત્ર સાક્ષીઓ સરકાર પક્ષના કથનને નકારી કાઢે, ત્યારે માત્ર રસ ધરાવતા સાક્ષીઓના આધારે દોષિત ઠરાવવો ન્યાયસંગત નથી.

11.2 (**Enmity and Interested Witnesses**):

કેસના રેકોર્ડ પરથી એ બાબત સ્પષ્ટપણે સ્થાપિત થાય છે કે ફરિયાદી પક્ષ અને આરોપીઓ વચ્ચે કાંધી ગામની ગૌચર જમીન બાબતે જૂનું મનદુઃખ અને કાનૂની વિવાદ ચાલતો હતો. ફરિયાદીના પત્ની સાહેદ મનીષાબેન (PW/Exh. 29) એ પોતાની ઉલટતપાસમાં સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે, **"આરોપીઓએ મારા પતિ અને બીજાઓ સામે એટ્રોસીટીની ફરિયાદ કરેલી છે અને આ ફરિયાદના કારણે અમારે આરોપી સાથે અગાઉથી મનદુઃખ ચાલે છે."** તેવી જ રીતે ફરિયાદીના સગા ભાઈ સાહેદ ત્રિભવનભાઇ ચનાભાઇ (PW/Exh. 37) એ પણ ઉલટતપાસમાં કબૂલ કર્યું છે કે આરોપીએ તેઓની સામે કેસ કરેલો છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ, પૂર્વ અદાવત એ બેધારી તલવાર છે; તે ગુન્હો આચરવાનું મોટિવ (Motive) પણ પૂરું પાડી શકે છે અને સાથોસાથ આરોપીને ખોટા કેસમાં ફસાવી દેવાનું સબળ કારણ પણ બની શકે છે. પ્રસ્તુત કેસમાં, જ્યારે આરોપીઓ દ્વારા ફરિયાદી પક્ષ સામે અગાઉ એટ્રોસીટી એક્ટ હેઠળ ગંભીર કાનૂની કેસ દાખલ કરાયેલો હોય, ત્યારે સ્વતંત્ર પુરાવાની ગેરહાજરીમાં માત્ર ફરિયાદી પક્ષના સગા અને રસ ધરાવતા સાક્ષીઓની જુબાની કાયદાકીય રીતે શંકાસ્પદ બને છે અને તેના પર ભરોસો મૂકી શકાય નહીં.

11.3 **પંચનામાની કાયદાકીય નિષ્ફળતા (Defective and Unproved Panchnamas)**:

ફોજદારી ટ્રાયલમાં ઘટનાસ્થળનું પંચનામું (Spot Panchnama) અને હથિયાર જપ્તીનું પંચનામું (Seizure Panchnama) એ કેસના મૂળભૂત વૈજ્ઞાનિક અને દસ્તાવેજી પુરાવા છે. પરંતુ આ કેસમાં પંચ સાક્ષીઓની જુબાની જોતાં: તહોમતદારની અટકાયત અને લોખંડની પાઇપ (ટી) જપ્તીના પંચ સાક્ષી સાહેદ નં. ૪ અશ્વિનભાઇ બાલાભાઇ ગૌસ્વામી (PW/Exh.

22) એ ઉલટતપાસમાં સ્વીકાર્યું છે કે, **"પોલીસે એક તૈયાર કાગળમાં મારી સહી લીધેલી અને પોલીસે મારી હાજરીમાં કોઇ ઇસમની અટક કરી તેની પાસેથી મુદ્દામાલ કબ્જે કરેલ નથી."** તેવી જ રીતે ઘટનાસ્થળ પંચનામાના પંચ સાક્ષી સાહેદ નં. ૨ કાળુભાઇ બિજલભાઇ બારૈયા (PW/Exh. 24) એ પણ ઉલટતપાસમાં સ્વીકાર્યું છે કે, **"પોલીસે એક તૈયાર કાગળમાં મારી સહી લીધેલી અને મારી હાજરીમાં કોઈ બનાવવાળું પંચનામુ કરેલ નથી."** આમ, પંચ સાક્ષીઓની ઉલટતપાસ પરથી સાબિત થાય છે કે તપાસ કરનાર અધિકારી દ્વારા પોલીસ સ્ટેશનમાં બેઠા બેઠા જ તૈયાર કાગળો પર પંચોની સહીઓ મેળવી પંચનામા ઊભા કરવામાં આવ્યા છે. કાયદાની પ્રસ્થાપિત પ્રક્રિયા (Due Process of Law) નો આવો ગંભીર ભંગ અને દૂષિત તપાસ (Tainted Investigation) ના કારણે કથિત હથિયારની જપ્તી અને ઘટનાસ્થળ શંકાના દાયરામાં આવી જાય છે.

### 11.4 તબીબી પુરાવામાં વિરોધાભાસ (Medical Contradictions and Fallacies):

ફરીયાદપક્ષે કેસના સમર્થન માટે મેડિકલ પુરાવો રજૂ કરેલ છે, પરંતુ તબીબી સાક્ષીની ઉલટતપાસ ફરિયાદીના કથનને તદ્દન ખોટું ઠરાવે છે: ફરિયાદી ભાણજીભાઈ ચનાભાઈ (PW/Exh. 20) એ અદાલત સમક્ષ સ્વેચ્છાએ એવું જણાવ્યું કે તેઓ હુમલાના કારણે બેભાન અવસ્થામાં હતા. પરંતુ તેઓની આ હકીકત મૂળ ફરિયાદમાં ક્યાંય દર્શાવવામાં આવી નથી. બીજી તરફ, મેડીકલ ઓફિસર ડૉ. પ્રદ્યુમન ધીરૂભાઈ જાદવ (PW/Exh. 38) એ પોતાની ઉલટતપાસમાં સ્પષ્ટ સ્વીકાર્યું છે કે, દર્દીને થયેલી ઈજાઓ તદ્દન સામાન્ય (Simple Injury) પ્રકારની હતી. સૌથી મહત્વનું એ છે કે ડૉક્ટરે ઉલટતપાસમાં સ્વીકાર્યું કે, **"જો કોઈ વ્યક્તિ દોડતા બોથડ પદાર્થ પર પડે તો દર્દીને થઈ છે તેવી ઈજા સંભવી શકે."** આમ, તબીબી અભિપ્રાય મુજબ આ ઈજાઓ મેડીકલ સ્ટોરના દાદરા પરથી ઉતરતા પડી જવાથી પણ થઈ શકે તેવી હોવાની સંભાવના નકારી શકાતી નથી, જે આરોપી પક્ષના બચાવ પક્ષના કથનને મજબૂત કરે છે.

### 11.4 અન્યત્ર હાજરીનો બચાવ (**Plea of Alibi Substantiated**):

ભાનુબેન પ્રેમજીભાઇ સાંખટ વિરૂદ્ધ ફરિયાદી પક્ષે એકસંપ થઈને હુમલો કરવાનો આક્ષેપ મૂક્યો છે. પરંતુ, પોલીસ ચાર્જશીટની કોલમ નં. ૨ ની નોંધ જ દર્શાવે છે કે ગુનાના સમયે તેઓ ઘટનાસ્થળે હાજર ન હતા પરંતુ 'ગુજરાત પ્રોટીન્સ મીલ' માં હાજર હતા. હોસ્ટાઇલ સાક્ષી ભાનુબેન પ્રેમજીભાઇ સાંખટ (PW/Exh. 58) ની જુબાનીમાં રજૂ થયેલ 'માર્ક ૧/૧' વાળો દસ્તાવેજ (હાજરી અંગેની રસીદ) એ બાબત નિઃશંકપણે સાબિત કરે છે કે બનાવના દિવસે સવારે ૦૯:૦૦ થી સાંજના ૦૫:૦૦ વાગ્યા સુધી તેઓ મીલમાં મજુરી કામ પર હાજર હતા. જ્યારે ગુનાના સ્થળે આરોપી નં. ૨ ની હાજરી જ દસ્તાવેજી પુરાવાથી ખોટી સાબિત થતી હોય, ત્યારે ફરિયાદી પક્ષ દ્વારા આરોપી  ને આ કેસમાં પૂર્વ અદાવતના કારણે ખોટી રીતે સંડોવી દેવામાં આવ્યા હોવાનું કાયદાકીય રીતે ફલિત થાય છે. આ હકીકત સમગ્ર ફરીયાદપક્ષની સત્યતા પર મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો કરે છે.

## 12 . આખરી કાનૂની તારણ (**Final Legal Finding**):

ઉપરોક્ત તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું કાનૂની મૂલ્યાંકન કરતાં એ સ્પષ્ટ જણાય છે કે, સ્વતંત્ર સાક્ષીઓનો અભાવ, પંચ સાક્ષીઓની પ્રતિકૂળતા, પક્ષકારો વચ્ચેની તીવ્ર જૂની અદાવત, તબીબી પુરાવાનો વિરોધાભાસ અને આરોપી નં. ૨ નો પ્રસ્થાપિત થયેલો અલિબાઈ (Alibi) નો બચાવ – આ તમામ પરિબળો ફરીયાદપક્ષના કેસના પાયાને સંપૂર્ણપણે હચમચાવી નાખે છે. ફોજદારી કાયદાના સુપ્રસિદ્ધ સિદ્ધાંત અનુસાર, જો રેકોર્ડ પરના પુરાવાઓ પરથી બે સંભવિત દ્રષ્ટિકોણ ઉદ્ભવતા હોય—જેમાં એક આરોપીની ગુનાહિતતા અને બીજો આરોપીની નિર્દોષતા તરફ નિર્દેશ કરતો હોય—તો અદાલતે આરોપીની નિર્દોષતા તરફનો દ્રષ્ટિકોણ જ અપનાવવો પડે. પ્રસ્તુત કેસમાં ફરીયાદપક્ષ આરોપીઓ પરનો ગુન્હો "શંકાથી પર" સાબિત કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોઇ, આરોપીઓને **શંકાનો**

**કાયદેસરનો લાભ (Benefit of Doubt)** આપી નિર્દોષ છોડી મૂકવા પાત્ર ઠરે છે.

## આખરી હુકમ (FINAL ORDER)

**(૧)** આ કામના આરોપી નં.(૧) **ભાણજીભાઇ રામજીભાઇ સાંખટ**ને ક્રિમિનલ કેસ નં. ૨૭૫/૨૦૧૭ (ઉના પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ફ઼ા.૨૩૨/૨૦૧૬) માં ભારતીય દંડ સંહિતા (IPC) ની કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૧૧૪, ૪૦૩ તથા ગુજરાત પોલીસ એક્ટ (GP Act) ની કલમ ૧૩૫ હેઠળના ગુન્હાના આક્ષેપોમાંથી ફોજદારી કાર્યરીતિ સંહિતા (CrPC) ની કલમ ૨૪૮(૧) અન્વયે **નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે**.

**(૨)** આરોપી હાલ જામીન પર મુક્ત હોઈ, તેઓના જામીનખત (Bail Bonds) તથા મુચરકા (Surety Bonds) રદ કરવામાં આવે છે અને તેઓના જામીનદારોને મુક્ત કરવામાં આવે છે.

**(૩)** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ 437–A ની જોગવાઈઓના પાલન અર્થે, ઉપલી અપીલ અદાલત સમક્ષ ઉપસ્થિત થવા માટે આરોપીએ રૂ. ૧૦,૦૦૦/– નો (Personal Bond) અને તેટલી જ રકમનો સદ્ધર જામીન આ અદાલત સમક્ષ આગામી ૬ (છ) માસની મુદત માટે રજૂ કરવાનો રહેશે.

**(૪)** આ કામે પોલીસ તપાસ દરમિયાન કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ—લોખંડની પાઇપ ('ટી' આકારનું સાધન) [મુદ્દામાલ પાવતી નં. ફસ્ટ–૨૪૪/૧૬]—અપીલની કાનૂની મુદત વીતી ગયા બાદ, જો કોઈ અપીલ દાખલ ન થઈ હોય તો, કાયદા અનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આખરી હુકમ આજરોજ તારીખ: 8–06–2026 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી અને જાહેર કર્યો.

**J.K.KHANT**

એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,

ઉના, જી. ગીર સોમનાથ

CODE NO .GJ 01086